## રેગ્યુ. દિવાની મુકદ્દમા નંબર : ૦૯/૨૦૨૩

## :: આંક–૫ ની વચગાળાના મનાઈ હુકમની અરજી લગત હુકમ ::

વાદીઓ દાવાના કામે આંક–૫ ની અરજી આપી દાવો ચાલતા દરમ્યાન વચગાળાનો કામચલાઉ મનાઈ હુકમ મેળવવા પ્રતિવાદીસામે સીવીલ પ્રોસીજર કોડ ઓર્ડર–૩૯ રૂલ (૧) (૨) અન્વયે અરજી આપી નીચે મુજબની દાદ માંગેલ છે :–

(૧) આ કામના વાદીની કામચલાઉ મનાઈ હુકમ અરજી મા જણાવે છે કે, વાદી દાવા અરજીના પેરા–૨ મા જણાવેલ રહેણાંકની મિલકત બાબતે જાહેરાત તથા જાથુનો મનાઈ હુકમ મેળવવા વિગેરે બાબતનો દાવો દાખલ કરેલ છે તથા તેના સમર્થનમા આંક–૩ ના લીસ્ટથી દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે. મોજે ઈટકલા, તા. વાલીયા, જી. ભરૂચની સીમમા વાદીની માલિકી અને કબજા ભોગવટાની ખેતીની જમીન આવેલ છે. જેનો ખાતા નં. ૨૫૫, બ્લોક/સ.નં.(જુનો) ૨૩૩–અ, બ્લોક સ.નં.(નવો) ૭૫, ક્ષેત્રફળ ૪–૯૮–૬૧, આકાર રૂા. ૨૧.૭૫ છે. સદર જમીન વાદીના પિતા રાજેન્દ્રસિંહ મોતીસિંહ રાઠોડની માલિકી અને કબજા ભોગવટાની ચાલી આવેલી હતી અને તેઓ ખેતી કરી ઉત્પન્ન લેતા હતા.

(૨) વધુમાં વાદી તેઓની મનાઈ અરજીની હકીકતમાં જણાવે છે કે, વાદીના પિતા રાજેન્દ્રસિંહ મોતીસિંહ રાઠોડે તેઓની હયાતીમા જમીનોની વહેચણી કરેલી. તે વહેચણીના અધારે દાવાવાળી જમીન વાદીના હિસ્સે આવેલી. તે વહેંચણની નોંધ મોજે ઈટકલાના ગામ દફતરે નોંધ નં. ૧૫૦૨, તા. ૨૫–૦૩–'૨૦૦૩ ના રોજ પડેલ છે. જેથી તે તા. ૨૫–૦૩–૨૦૦૩ થી દાવાવાળી જમીનનો વાદી માલિક અને કબજેદાર બનેલ છે અને ત્યારથી તે જમીનમા વાદી ખેતી કરી ઉત્પન્ન લેતા આવેલ છે અને સદર જમીનનુ જમીન મહેસુલ પણ વાદી ભરતા આવેલા છે અને તે જમીનમા વાદીએ બોરવેલ કરાવેલ છે અને દક્ષિણ ગુજરાત વીજ કંપનીમાથી લાઈટ કનેકશન મેળવી બોરવેલમા મોટર મુકી પીયતથી ખેતી કરતા આવેલા છે. તેમજ દાવાવાળી જમીનમા ડ્રીપ ઈરીગેશન કરાવી વિવિધ પાકો લેતા આવેલ છે. દાવાવાળી જમીનમા વાદીએ બહોળ ખર્ચ કરી કેળનો પાક બનાવેલ છે અને ચાલુ સાલે તેનો એક પાક લીધા બાદ તે કેળની લામનો પાક હાલમા ઉભો છે અને તેમા લીંઘલ પડી ગયેલ છે અને હાલમા કેળા તૈયાર થઈ ગયેલા હોય તેનુ કટીંગ પણ ચાલુ છે. સદર જમીન વાદીએ કબજે લીધા બાદ તેમા લેવલીંગ કરાવી દેશી ખાતર પુરાવી ફળદ્રુપ બનાવેલ છે. જેથી આ કામના પ્રતિવાદીઓની દાવાવાળી જમીન ઉપર બદ દાનત થયેલ છે અને વારંવાર પ્રતિવાદી નં.૨

વાદી તથા વાદીના પિતા સાથે ઝઘડા કરતા આવેલા છે. દાવાવાળી જમીન ઉપર વાદીનો છેલ્લા વીસ વર્ષથી એકધારો કોઈની પણ રોકટોક વિના સતત બધાની જાણમા કબજો ચાલી આવેલ છે.

(૩) વધુમાં વાદી તેઓની મનાઈ અરજીની હકીકતમાં જણાવે છે કે, વાદીના સગા કાકા શિવસિંહ મોતીસિંહ રાઠોડ તથા તેઓના પુત્ર પુષ્પરાજસિંહ ઉર્ફે પુષ્પેન્દ્રસિંહ શિવસિંહ રાઠોડે વાદીના પિતા રાજેન્દ્રસિંહ મોતીસિંહ રાઠોડ ઉપર તા. ૨૯/૧૦/૨૦૨૦ ના રોજ હુમલો કરેલો અને વાદીના પિતાને ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચાડેલી તેમજ વાદીને પણ માથાના ભાગે ઈજા થયેલી. તે અંગેની ફરીયાદ વાદીએ વાલીયા પોલીસ સ્ટેશનમા નોંધાવેલી. તે ફરીયાદ વાલીયા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૯૦૫૦૨૦૦૮૭૩, તા. ૩૦/૧૦/૨૦ ના રોજ ઈ.પી.કો કલમ ૩૨૩,૩૩૮૩૦૭, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબની નોંધાયેલ છે અને બાદમા તેઓ જમીન પર છુટેલા છે અને સદર કેસનુ ચાર્જશીટ થતા હાલમા તે કેસ મહે. અંકલેશ્વરના એડી સેસન્સ જજ સાહેબની કોર્ટમા ચાલી રહેલો છે. તે કેસમા આ કામના પ્રતિવાદી નં.ર પુષ્પરાજસિંહ શિવસિંહ રાઠોડ વાદી તથા વાદીના પિતા ઉપર સમાધાન કરવા ખુબ દબાણ કરી રહેલા છે. પરંતુ વાદીના પિતાને ગંભીર પ્રકારની ઈજાઓ થયેલી અને તેઓએ તેના કારણે ઘણુ સહન કરવુ પડેલ જેથી તે પ્રતિવાદી નં.ર પુષ્પરાજસિંહ વાદી તથા વાદીના પિતા સામે ખુબ દ્રેષ અને વેરની ભાવનાથી વર્તી રહેલા છે અને સમાધાન માટે બીજા કાવતરા રચી વાદી તથા વાદીના પિતા ઉપર દબાણ લાવી રહેલા છે અને અન્ય પ્રકરણો પણ ઉપસ્થિત કરી રહેલા છે અને હાલમા પણ તેઓની તે પ્રવૃતિ ચાલુ જ છે. તેના ભાગરૂપે તેઓએ પ્રતિવાદી નં.૧ નાઓને હાથો બનાવી વાદી તથા વાદીના માતા પિતા વિરૂધ્ધ ઉશ્કેરી રહેલા છે અને પ્રતિવાદી નં.૧ મારફતે તેઓએ વાલીયા પોલીસ સ્ટેશનમા વાદીના પિતા રાજેન્દ્રસિંહ મોતીસીહ રાઠોડ તથા વાદીના માતા જનકબેન રાજેન્દ્રસિંહ રાઠોડ, ત.ક.મંત્રી શ્રી ઈટકલા તથા વાદી વિરૂધ્ધ વાલીયા પો.સ્ટે ગુ.ર.નં. ૧૧૧૯૯૦૫૦૨૨૦૯૧૪, તા. ૧૨/૦૯/૨૨ થી ઈ.પી.કો કલમ ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧,૧૨૦(બી) મુજબની ખોટી બનાવટી ફરીયાદ દાખલ કરાવેલ છે. તે ફરીયાદના કામે વાદી તથા તેઓના માતા પિતાએ નામદાર ગુજરાત હાઈકોર્ટમા આગોતરા જામીન મેળવવા દાદ ગુજારેલી. જે કામે નામ. ગુજરાત હોઈકોર્ટે તે કામમા વાદીની ધરપકડ નહી કરવા તેમજ તે નામ. કોર્ટની પરવાનગી વગર ચાર્જશીટ ન કરવા હુકમ કરેલ છે. તેમજ પ્રતિવાદીઓએ રેવન્યુ ઓથોરીટી સમક્ષ પણ પ્રકરણો ઉપસ્થિત કરેલ છે.

(૪) વધુમાં વાદી તેઓની મનાઈ અરજીની હકીકતમાં જણાવે છે કે,ઉપરોકત સંજોગોમા પ્રતિવાદીઓ તેઓના ઈરાદામા ફાવી શકેલા નહી. જેથી તેઓ વાદી તથા વાદીના માતા પિતાને બીજી રીતે હેરાન કરી દાવાવાળી જમીન બળજબરીપૂર્વક કબજો કરી લેવાની ધમકીઓ આપી રહેલા છે અને ગઈ કાલ

ે પ્રતિવાદી નં.ર વાદી દાવાવાળી જમીન પર હતા તે વખતે ત્યા આવી તેઓ ધમકી આપતા હતા કે આ જમીનનો કેરશી દોરાબજી વરીયાવા સાથે કબજો કરી લેવાના છે અને જીવલેણ ધમકીઓ આપતા હતા તેમજ કેરશી દોરાબજી વરીયાવા પાસે એક ફરીયાદ તો કરાવેલ છે. પરંતુ તેમના મારફતે બીજા પ્રકરણો પણ તમારી વિરૂધ્ધ ઉભા કરીશુ તેવી ધમકી આપેલી. જેથી દાવાવાળી જમીનના વાદી કાયદેસરના માલિક/કબજેદાર છે તથા પ્રતિવાદીઓનો સદર જમીનમા કોઈ હકક કે અધિકાર નથી તેવી જાહેરાતની દાદ મેળવવા તેમજ પ્રતિવાદીઓ વિરૂધ્ધ જાથુનો મનાઈ હુકમ મેળવવા સદર દાવો નામદાર કોર્ટ સમક્ષ ગુજારેલ છે.

(૫) વધુમાં વાદી તેઓની મનાઈ અરજીની હકીકતમાં જણાવે છે કે, વાદીનો પ્રાયમાફેસી કેસ છે અને બેલેન્સ ઓફ કન્વીયન્સ પણ વાદી તરફે છે. તેમજ ફેકટર ઓફ લોસનુ તત્વ પણ વાદીની તરફેણમા છે. તેવા સંજોગોમા પ્રતિવાદીઓ વિરૂધ્ધ એકતરફી મનાઈ હુકમ આપવામા આવે તો પ્રતિવાદીઓને કોઈ નુકસાન થાય તેમ નથી. જયારે પ્રતિવાદીઓ વિરૂધ્ધ મનાઈ હુકમ આપવામા ન આવે તો પ્રતિવાદીઓ દાદાગીરીથી ધાક ધમકી આપી ગેરકાયદેસર રીતે વાદીઓના કબજા ભોગવટાની ખેતીની મિલકતનો કબજો ઝુટવી લે તેમ છે અને જો તેમ થાય તો વાદીઓને નાણાથી પણ બદલો ન મળે તેવુ નુકસાન જાય તેમ છે જેથી પ્રતિવાદીઓ વિરૂધ્ધ દાવા દરમીયાન મનાઈ હુકમ આપવા અરજ કરેલ છે.

(૬) વાદીએ સબબ દાદ માગી જણાવેલ છે કે, મોજે ઈટકલા, તા.વાલીયા, જી. ભરૂચ ખાતે આવેલ ખાતા નં. ૨૫૫, જુનો બ્લોક/સ.નં.ર૩૩–અ, નવો બ્લોક/સ.નં. ૭૫ વાળી ખેતીની જમીનમા વાદીઓના કબજા ભોગવટામા પ્રતિવાદીઓ હસ્તે પર હસ્તે હરકત હેલો અટકાયત કે દખલ કરે કરાવે નહી કે દાવાવાળી મિલકતનો કબજો વાદીઓ પાસેથી દાદાગીરીથી લે લેવડાવે નહી કે દાવાવાળી મિલકતને નુકસાન કરે કરાવે નહી કે દાવાવાળી મિલકતમા ગેરકાયદેસર રીતે પ્રવેશ કરે કરાવે નહી કે વાદીઓ કે તેઓના માણસો એજન્ટોને દાવાવાળી જમીનનુ કામ કરતા અટકાયત કે દખલ કરે કરાવે નહી તેવો પ્રતિવાદીઓ વિરૂધ્ધ દાવા દરમીયાન કામ ચલાઉ મનાઈ હુકમ આપવા તથા સદર દાવાના કામે એક તરફી મનાઈ હુકમ આપવા તથા સદર અરજીનો તમામ ખર્ચ અપાવવા તથા નામ. કોર્ટને યોગ્ય લાગે તેવી સદરહુ મિલકત સંબંધી ન્યાયની બીજી દાદ વાદીઓની તરફેણમા આપવા હુકમ આપવા જણાવેલ છે.

(૭) વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીના કામે નોટીસ કાઢવા હુકમ કરવામાં આવેલ. જે નોટીસ/સમન્સ પ્રતિવાદીને ધોરણસરની બજવણી થઈ જતા પ્રતિવાદી નં.૧ તરફે તેઓના વિ.વકીલશ્રી ડી.એન.ખેર મારફતે અદાલત સમક્ષ હાજર થયેલ છે અને **આંક–૧૫** થી વાદીની દાવા

અરજી તથા મનાઈ અરજીનો લેખિત જવાબ આપેલ છે. પ્રતિવાદીઓ તરફે રજુ થયેલ લેખિત જવાબમાં વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીનો ઈનકાર કરેલ છે અને વધુમા જણાવેલ છે કે, વાદીના દાવા તથા મનાઈ અરજીને નોન જોઈન્ડર ઓફ નેસેસરી પાર્ટીઝ તથા મીસ જોઈન્ડર ઓફ પાર્ટીનો સ્પષ્ટપણે બાધ નડે છે. વાદીના દાવા તથા મનાઈ અરજીને સપ્રેશન ઓફ મટીરીયલ ફેકટસના સિધ્ધાંતનો સ્પષ્ટપણે બાધ નડે છે. વાદીના દાવા તથા મનાઈ અરજીના પેરા–૧ ની હકીકત બાબતે ખાસ તકરાર નથી. વાદીના દાવા તથા મનાઈ અરજીના પેરા–૨ ની હકીકત બાબતે ખાસ તકરાર નથી. પરંતુ તે જમીનો વાદીની માલિકી અને કબજા ભોગવટાની ખેતીની જમીન આવેલ હોવાની હકીકતો ખોટી, અને બનાવટી અને દાવો કરવા ખાતર વાદીએ ઉપજાવી કાઢેલી હોય તે માની શકાય તેવી નથી જેથી તે માન્ય કે મંજુર નથી. વાદીના દાવા તથા મનાઈ અરજીના પેરા–૩ ની હકીકત કે પેરા–૨ મા જણાવેલી જમીન વાદીના પિતા રાજેન્દ્રસિંહ મોતીસિંહ રાઠોડની માલિકી અને કબજા ભોગવટાની ચાલી આવેલ તે હકીકત મુળ થી ખોટી, બનાવટી અને ઉપજાવી કાઢેલા બોગસ દસ્તાવેજો ઉપર આધારીત હોય જે હકીકત વાદીની પણ જાણમા હોય તે હકીકત માની શકાય તેવી નથી. વાદીએ તેવી હકીકતના સમર્થનમા કોઈ આધાર પુરાવા આ દાવાના કામે રજુ કરેલા નથી. જે સંજોગોમા તેવા કહેવાતા રાજેન્દ્રસિંહ મોતીસિંહ રાઠોડ સદર દાવાવાળી જમીનના કોઈ પણ રીતે માલિક કે અધિકૃત કબજેદાર કે ભોગવટેદાર હતા નહી કે છે નહી. જેથી પ્રતિવાદીને તે હકીકત માન્ય કે મંજુર નથી.

(૮) વધુમા પ્રતિવાદી નં.૧ એ જણાવેલ છે કે, વાદીના દાવા તથા મનાઈ અરજીના પેરા–૪ ની હકીકતો ખોટી અને ગેરમાર્ગે દોરનારી હોય તે માની શકાય તેવી નથી. રાજેન્દ્રસિંહ મોતીસિંહ રાઠોડે તેઓની હયાતિમા જમીનોની વહેંચણ કરેલી અને તેવી કહેવાતી વહેંચણ આધારે દાવાવાળી જમીન વાદીના હિસ્સે આવેલાની હકીકત પણ મુળથી ખોટી છે. આ દાવાના કામે વાદીએ તેવો કોઈ વહેંચણનો લેખ કે કરાર રજુ કરેલા નથી. જેથી તેવી વાદીની રજુઆત પણ માની શકાય તેવી નથી. વળી, રાજેન્દ્રસિંહ મોતિસિંહ રાઠોડ સદર દાવાવાળી જમીનના કોઈપણ રીતે માલિક કે અધિકૃત કબજેદાર કે ભોગવટેદાર હતા નહી કે છે નહી. જેથી તેઓને સદર દાવાવાળી જમીનો વહેંચણમા આપવાને કોઈ હકક કે અધિકારી પહોંચતા નહી હોય તેવી વહેંચણી મુળથી રદ બાતલ ગણાય. જે જોતા તેવી કહેવાતી વહેચણના આધારે ઈટકલાના ગામ દફતરે ફેરફાર નોંધ નં. ૧૫૦૨, તા. ૨૫/૦૩/૨૦૦૩ ના રોજ પડેલ છે તેની પણ કોઈ કાયદેસરતા રહેવા પામતી નથી. નામ. કોર્ટનુ નમ્રતાપૂર્વક ઘ્યાન દોરવાનુ કે મુળ કહેવાતા ખાતેદાર રાજેન્દ્રસિંહ મોતિસિંહ ઘ્વારા પ્રતિવાદી નં.૧ ના સગા મામા અને સદર દાવાવાળી જમીનના મુળ ખાતેદાર ભીખાજી અરદેસર ભરૂચાની માલિકીની જમીન તેઓના

મરણ બાદ બનાવટી અને તરકટી વીલ તથા પાવર વિગેરે દસ્તાવેજો ઉભા કરીને ખોટી રીતે પોતાના નામે ચડાવવા સબબથી મોજે ઈટકલાના મહેસુલી દફતરે ફેરફાર નોંધ નં. ૧૪૫૩ ની પડાવી પોતાના નામે ચડાવવામા આવેલી. પાછળથી બે જ વર્ષમા સદર દાવાવાળી જમીન તેઓ ધ્વારા કહેવાતી વહેંચણીની નોંધ નં. ૧૫૦૨ થી વાદીના નામે ચડાવવામા આવેલી. આમ, સરકારી રેકર્ડ ઉપર મરનાર જમીન માલિકના કોઈ સીધી કે આડી લીટીના વારસદારો નહી હોવાનુ દર્શાવીને ખોટી રીતે જમીન નામે ચડાવી દેવામા આવેલી. આ બંને નોધ નં. ૧૪૫૩ તા. ૧૦/૦૩/૨૦૦૧ તથા નોંધ નં. ૧૫૦૨, તા. ૨૫/૦૩/૨૦૦૩ ને ડી.એસ.બારીઆ(જી.એ.એસ.) નાયબ કલેકટર અને પ્રાંત અધિકારી શ્રી ઝઘડીયાની કોર્ટ ધ્વારા તેઓના હુકમ ક્રમાંક: આર.ટી.એસ/અપીલ કેસ નં. ૨૫૪/૨૨ હુકમ તા. ૦૩/૦૩/૨૦૨૩ થી રદ જાહેર કરતો હુકમ કરવામા આવેલ છે. માત્ર મહેસુલ સંબંધી બાબતે માટેનુ રેકર્ડ ગણાય છે. તેવા સંજોગો જોતા કહેવાતી નોંધ આધારે વાદીએ જણાવેલી હકીકતે સદર દાવાવાળી જમીન ઉપર કોઈ હકક હિત કે અધિકાર રહેવા પામેલા નથી.

(૯) વધુમા પ્રતિવાદી નં.૧ એ જણાવેલ છે કે, સદરહુ પેરામા વાદીએ જણાવેલ હકીકત કે દાવાવાળી જમીનમા વાદીએ બોરવેલ કરાવેલ છે તે મુળથી ખોટી અને ગેરમાર્ગે દોરનારી હકીકત છે. તેવી રજુઆતના સમર્થનમા આ દાવાના કામે કોઈ પુરાવો રજુ થયેલ નથી. ખરી હકીકત એવી છે કે સદર દાવાવાળી જમીનમા પહેલેથી બોરવેલ અને સિંચાઈની સગવડ સાથે અગાઉ ચાલતા સરકારી વિજળી વિભાગ યાને ગુજરાત ઈલેકટ્રીસીટી બોર્ડ પાસેથી પ્રતિવાદીના મર્હુમ મામા ભીખાજી અરદેસર ભરૂચાએ તેઓની હયાતીમા વીજ જોડાણ મેળવેલ હતુ. અમારા મામાના અવસાન પછી તેઓના બોગસ અને બનાવટી પાવર ઓફ એટર્ની બનાવીને વાદીના પતિ રાજેન્દ્રસિંહે સને ૧૯૯૫ ના વર્ષમા સદર દાવાવાળી જમીન ઉપર આવેલા વીજ કનેકશનના હોર્સ પાવરમા વધારો કરાવવા કાગળો પણ કરેલા. દાવાવાળી જમીનો પહેલેથી પ્રતિવાદી નં.૧ ના સગા મામા ભીખાજી અરદેસર ભરૂચાએ બહોળો ખર્ચ કરીને છાણીયા ખાતર તેમજ દીવેલી ખોળ વગેરેથી ઉપજાઉ બનાવેલી અને તેમા પિયતની સગવડો પણ તેઓએ ઉભી કરેલ હતી. જે વાદીના પતિએ બોગસ પુરાવા આધારે ખોટી રીતે પડાવી લેવા કારસો કરીને અંજામ આપી પોતાના નામે ચડાવી લીધેલી અને ત્યારબાદ વાદીના નામે કરી છે. આ તમામ હકીકતો વાદી પણ પહેલેથી વાકેફ અને માહિતગાર હતા અને છે તેમ છતા વાદીએ કોર્ટના પ્રોસેસનો ગેરલાભ ઉઠાવવાના બદઈરાદે નામ. કોર્ટ સમક્ષ સાચી હકીકતોને તોડી મરોડીને ખોટી રીતે રજુ કરેલ છે. જે ચલાવી લેવાય તેમ નથી કે પ્રતિવાદી નં.૧ ને કબુલ નથી.

(૧૦) વધુમા પ્રતિવાદી નં.૧ એ જણાવેલ છે કે, વાદીએ સદર પેરામા પાછળથી એવી રજુઆત આપેલ છે કે, સદર દાવાવાળી જમીન ઉપર તેઓની બદદાનત થયેલી છે. પરંતુ તેઓની માલિકીની જમીન વાદીએ તેણીના પિતાના મેળાપીપણામા ખોટી રીતે નામે ચડાવી લીધેલ છે તે સાચી હકીકત જાહેર કરવા તૈયાર નથી. સાચી હકીકત તો એવી છે કે વાદીના પિતા ખુબ મોટી વગ અને સરકારી અધિકારીઓ તેમજ રાજકીય વગ ધરાવે છે. જેના જોરે એક યા બીજી રીતે આવા કારનામાઓને અંજામ આપે છે. પ્રતિવાદી નં.૧ ના સગા મામા ભીખાજી અરદેસર ભરૂચાના સ્વતંત્ર નામે ખાતે ભરૂચ જીલ્લાના વાલીયા તાલુકાના ગામ ઈટકલાની ખેતીની જુના બ્લોક નં.૭, ૨૩૩–અ તથા ૨૩૩–બ વાળી જમીનો ચાલી આવેલ હતી. સદર ઉપરોકત મોજે ઈટકલાની ખેતીની જુના બ્લોક નં. ૭, ૨૩૩–અ તથા ૨૩૩–બ વાળી જમીનોના માલિક અરજદારના મામા ભીખાજી અરદેસર ભરૂચા તથા તેમના પત્ની જરબેન ઈટકલા મુકામેથી સને ૧૯૮૫/૮૬ ના અરસામા બિમારીને કારણે ઈટકલા ગામ છોડીને ત્યાથી વાપી મુકામે ભીખાજીના ભાઈના ઘરે રહેવા ગયેલા. ત્યાથી પછી તેઓ તેઓના મામા ભીખાજી અરદેસર ભરૂચા નવસારી રહેવા આવી ગયેલ અને તેઓશ્રી ભીખાજી અરદેસર ભરૂચા ગઈ તા. ૧૮/૦૯/૧૯૯૨ ના રોજ પારસી ઈન્ફરમરી, નવસારી, જીલ્લો–નવસારી મુકામે મરણ પામેલા. તેઓના મામાની ગેરહાજરીમા તેઓની ગેરહાજરીનો ગેરલાભ લઈને વાદીના પિતા રાજેન્દ્રસિંહ મોતીસિંહ રાઠોડે ગામના તલાટી, મામલતદાર અને તેમના સાગરીતો સાથે મળી એકબીજાના મેળાપીપણામા તેઓના મામાની ખેતીની જમીનો પડાવી લેવા કારસો રચેલો. જેના ભાગ રૂપે જમીનો આ રાજેન્દ્રસિંહ રાઠોડે( તેઓના મામા તા. ૧૮/૦૯/૧૯૯૨ ના રોજ મરણ ગયેલા હોવા છતા) પાછળથી તેઓએ હયાત હોય તેમ દર્શાવી તા. ૩૦/૧૨/૧૯૯૩ ના રોજનુ ૧૦ + ૧૦ = ૨૦ વીસ રૂપીયાના બે સ્ટેમ્પ તેઓના મરણ પામેલા મામા ભીખાજીના નામે પોતે ખરીદીને તેના ઉપર તરકટી વીલ યાને વસીયતનામુ બનાવડાવી દેવડાવી તેના ઉપર તેઓના મામા ભીખાજીના નામના બનાવટી સહી/અંગુઠા કરી તેનો ઉપયોગ મહેસુલી દફતરે સદર તેઓની ઉપરોકત જુના બ્લોક ૦૭, ૨૩૩–અ તથા ૨૩૩–બ વાળી જમીનો પોતાના નામે ચડાવવા નોંધ નં. ૧૪૫૩, તા. ૧૦/૦૩/૨૦૦૧ ના રોજ પડાવેલી. સદર નોંધ બાબતે સામાવાળા મામલતદાર શ્રી, વાલીયા કે સર્કલ ઓફીસર, વાલીયા નાઓને જમીન મહેસુલ કાયદાની કલમ ૧૩૫–ડી મુજબની કોઈપણ નોટીસ તેઓ આડી લીટીના વારસદારો હયાત હોવા છતા સીધી કે આડી લીટીના વારસો નથી તેવી રીમાર્ક સાથે તેઓને નોટીસ બજાવવાની દરકાર લીધા સિવાય એકબીજાના મેળાપીપણામા કાયદા વિરૂધ્ધ જઈને તે નોંધમા શેરો મારી નોંધ તત્કાલીન મામલતદારે કાયદા વિરૂધ્ધ પ્રમાણીત કરીને જમીન સામાવાળા રાજેન્દ્રસિંહ રાઠોડના નામે ચડાવી

દીધેલી. આમ, સરકારી ચોપડે આયોજનપૂર્વક કાવતરૂ કરી તેને અંજામ આપવાની પાકી ગણતરી સાથે બોગસ અને બનાવટી વીલ જમીન માલિક ગુજરી ગયાના વર્ષ ઉપરાંતના સમય પછી બનાવી દઈ પાછળથી અધિકારીઓના મેળાપીપણામા તે નોંધ આધારે ઉપરોકત જુના બ્લોક–૭, ૨૩૩–અ તથા ૨૩૩–બ વાળી જમીનો છે જે તેઓના મામા ભીખાજી અરદેસરના નામે ચાલતી હતી તે જમીનો બોગસ વીલ આધારે સામાવાળા નં.ર રાજેન્દ્રસિંહ રાઠોડના નામે ચડાવી દીધેલી. રેકર્ડ કઢ ાવીને જોતા તે કામે મામલતદારે સાચી હકીકતની તપાસ કરવાની તસ્દી લીધા સિવાય મરનારના સીધી કે આડી લીટીના કોઈ વારસદાર નથી તેમ લખી એન્ટ્રી મંજુર કરી દીધેલ છે. આમ, અધિકારીઓ પણ રાજેન્દ્રસિંહના મળતીયાપણામા તેઓનો હકક ડુબાડવા સરકારી નોકરી, પોતાના હોદા અને સતાનો દુરુપયોગ કરેલો છે. તે સ્પષ્ટ વાત છે. તેઓના મામા ભીખાજી અરદેસર તા. ૧૮/૦૯/૧૯૯૨ ના રોજ મરણ ગયેલ હોવા છતા તા. ૩૦/૧૨/૧૯૯૩ ના રોજ તેમના નામે સ ટેમ્પ ખરીદીને રાજેન્દ્રસિંહે આખી હકીકતનો ગેરલાભ ઉઠાવી તેના ઉપર ટાઈપરાઈટર ઉપર ટાઈપ કરાવેલ વીલ યાને વસીયત નામુ બનાવેલ છે. (જે વીલના એક સાક્ષી મોહનલાલ જીવણલાલ વારડે ધ્વારા તેઓની કહેવાતા વીલ/વસીયતમા સાક્ષી તરીકેની સહી બનાવટી હોવાનુ સોગંદનામુ કરવામા આવેલ છે. પાછળથી વાદીના દીકરા યુવરાજસિંહ ધ્વારા તેઓને આ બાબતે ધમકી આપવામા આવેલી જે બાબતેના સી.સી.ટીવી ફુટેજ સહીતની લેખિત ફરીયાદ વાલીયા પોલીસને આપવામા આવેલી છે તેમ છતા પોલીસ આજે પણ વાદી અને તેમના મળતીયાઓને છાવરવામા પ્રયત્નશીલ છે). આમ, પ્રતિવાદી નં.૧ ના મામાના અવસાન થઈ ગયા પછી વીલ માટે સ્ટેમ્પ ખરીદવો અને તેમા બોગસ સહી અંગુઠા કરવા એ દેખીતી રીતે તેઓની જમીન પડાવી લેવાનુ પુર્વનિયોજીત કાવતરૂ છે અને તેમ કરી ખોટા દસ્તાવેજ યાને વીલ/વસીયતનામુ બનાવી તેને સરકારી રેકર્ડમા ખરા તરીકે રજુ કરી તેઓની કિંમતી અને મહામુલી જમીન પડાવી લેવા આયોજનપૂર્વક કાવતરૂ કરી જમીન પડાવી લેવા ખટપટ કરવામા આવેલ છે. પાછળથી રાજેન્દ્રસિંહે આ જમીન વાદીને કહેવાતા કૌટુંબિક વહેંચણીના કરારથી નામફેર કરી દીધેલ છે. બનાવ હકીકતની જાણ તેઓના મોટા ભાઈ જેમી દોરાબજીને થતા તેમની સુચનાથી તેઓએ વાલીયા આવીને સાધનીક પુરાવાઓ અને તેમની સર્ટીફાઈડ નકલો કઢાવતા આખી હકીકત અને રેકર્ડ ઉપર થયેલા કૌભાંડની તેઓને જાણ થયેલી. જેથી તેઓએ વાલીયા પોલીસમા ફરીયાદ આપેલી અને તેઓએ પગલા નહી ભરતા એસ.પી.ભરૂચને જાણ કરેલી તેમ છતા તેઓ ધ્વારા પણ કોઈ પગલા નહી લેતા નાછુટકે નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સ્પેશ્યલ ક્રિમીનલ એપ્લીકેશન તા. ૨૩/૦૯/૨૦૨૧ ના રોજ દાખલ કરી તે કામે રજુઆત કરેલી. તેઓની રજુઆત ધ્યાને લઈ તેઓ

નામદાર હાઈકોર્ટે સ્પે.ક્રિ.અ.નં. ૯૪૫૧/૨૦૨૧ થી પોલીસ અધિકારીઓ સામે ડાયરેકશનની માંગણી કરતા નામ. ગુજરાત હાઈકોર્ટ તેઓને અરજી લગત તા. ૨૨/૧૦/૨૧ ના રોજ હુકમ કરી વાલીયા પોલીસ ઈન્સ્પેકટરને બે મહીનાના સમયમા નિકાલે કરવા ડાયરેકશન આપેલ. તે બાદ પણ વારંવારની રજુઆત પછી પોલીસે તેઓ પ્રતિવાદી નં.૧ ની ફરીયાદની હકીકત બાબતે ધ્યાન નહી આપતા નાછુટકે તેઓ પ્રતિવાદી નં.૧ ને પારસી લઘુમતિ કોમના હોવાને નાતે વિશેષાધિકારી મળેલા હોય તેઓના હકકોના રક્ષણ અને કાનુની પીઠબળ અપાવવા સબબથી નેશનલ કમીશન ફોર માઈનોરીટીઝ (એન.સી.એમ.), નવી દિલ્હી, સમક્ષ અરજી નં. પી/જીજે/૦૦૦૨૦/૨૨ થી રજુઆત કરવાની ફરજ પડેલી. તેઓ એન.સી.એમ વતી સભ્ય શ્રી કેરસી કેખુશરૂ દેબુ ધ્વારા તત્કાલીન ગુજરાતના ગૃહમંત્રી હર્ષ સંઘવી તથા આર.વી.ચુડાસમા, ડી.એસ.પી ભરૂચને લેખિતમા તા. ૨૪/૩/૨૨ ના રોજ આ કેસ બાબતે કાર્યવાહી હાથ ધરવા જાણ કરવામા આવેલી. આ મામલે ગૃહમંત્રીકાર્યાલયતરફથીક્રમાંક:રા.ક.મંત્રી/ગૃહ/ર.ગ/આ.વ્ય/બિ.ગુ.પ્ર/ગુ.ર.દ./ ગ્રા.ર.દ/જેલ/૧૧૬૬/૨૨, તા. ૧૬/૦૪/૨૨ ના રોજ આ બાબતે પોલીસ અધિક્ષક, ભરૂચને લેખિતમા જાણ કરવામા આવેલી. જે બાદ આ બાબતે તેઓ કેરસી કેખુશરૂ દેબુના અધ્યક્ષસ્થાને સંબંધિત અધિકારી એવા કલેકટર–ભરૂચ, પોલીસી અધિક્ષક–ભરૂચ,નિવાસી અધિક કલેટકર–ભરૂચ તથા નાયબ કલેકટર–ભરૂચની હાજરીમા ઝાડેશ્વર–ભરૂચ સર્કિટ હાઉસ ખાતે બેઠક યોજીને ખુલાસા માંગતા તે આખી મેટર સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમ(સીટ) મા મુકવામા આવેલ હોવાનુ જણાવેલ. જે બાદ ઘણી લાંબી તપાસ અને વિવિધ સ્તરના અભિપ્રાયો મેળવી લાંબા સમય બાદ સીટ તરફથી તેઓને તેઓની ફરીયાદ કાયદેસરની જણાતી હોય તેમજ પ્રથમ દર્શનીય રીતે ગુનો બનેલાનુ જણાઈ આવતુ હોય વાલીયા પોલીસ મથકે ફરીયાદ આપવા લેખિત જાણ કલેકટર કચેરીના પત્ર ક્રમાંક: મકમ–૩/સીટ ૧–૨૦૨૨/વશી/૬૦૦૦ થી ૦૨, તા. ૦૭/૦૯/૨૨ ના રોજ કરવામા આવેલ. જે બાદ ફરીથી તેઓ પ્રતિવાદી નં. ૧ એ વાલીયા પોલીસ મથકે જઈ સીટ રેફરન્સ સહીતની હકીકતોથી વાકેફ કરતા વાલીયા પોલીસ ધ્વારા હાલના દાવાના વાદી, તેમના પતિ, તેમના પુત્ર તથા તત્કાલીન તલાટી અને મામલતદાર વિરૂધ્ધ બનાવટી દસ્તાવેજો બનાવવા, તેને સરકારી રેકર્ડ ઉપર ખરા તરીકે રજુ કરવા અને તેના આધારે કિંમત મિલકત નામે કરી લેવા સબબની કલમો સહિતના ગુનાઓ બદલ એફ.આઈ.આર. નં.૧૧૧૯૯૦૫૦૨૨૦૯૧૪ થી તા. ૧૨/૦૩/૨૨ ના રોજ ફરીયાદ નોંધવામા આવેલી છે. જે ફરીયાદની નકલ ખુદ વાદીએ આ દાવાના કામે નિ. ૩/૬ થી રજુ કરેલી છે. આ આખી હકીકત વાદીને પહેલેથી જાણ અને માહિતી હતી અને છે. તેમ છતા વાદીએ સાચી અને મહત્વની હકીકતોને છુપાવીને કોર્ટની સહાનુભૂતિ મેળવવા ખાતર અવળી રીતે રજુ કરેલી છે.

(૧૧) વધુમા પ્રતિવાદી નં.૧ એ જણાવેલ છે કે, તેઓ નામ. કોર્ટને જાહેર કરે છે કે, તેઓ તેઓના હકકની મિલકત મેળવવા સહજ રીતે કાયદાથી સ્થાપિત પ્રક્રિયાઓ અનુસરી રહેલ છે અને તેઓએ સમાંતર સ્તરે ન્યાય મેળવવા કાર્યવાહીઓ પણ શરૂ કરેલ છે. જેમા તેઓની તરફેણમા એક પછી એક સ્તરેથી પરીણામો આવી રહેલ છે અને સમાંતર સતાઓ ધરાવતી ઓથોરીટીઓ કાયદેસર રીતે તેઓને તેઓના હકકની જમીનનો કબજો સુપરત કરી દે તેવી ઉજળી શકયતાઓ જોતા તેમને તેમ કરતા અટકાવવાના બદઈરાદે વાદીએ હાલનો દાવો અને મનાઈ અરજી આપેલા છે. જો વાદીને માંગેલી દાદ મુજબનો મનાઈ હુકમ આપી દેવામા આવે તો તેનાથી ન્યાયનો હેતુ માર્યો જાય તે દેખીતી હકીકત છે. વાદી પોતે પણ તેવી મનેચ્છા સાથે નામ. કોર્ટ સમક્ષ એક યા બીજી રીતે દબાણ લાવી મનાઈ હુકમ મેળવી લેવા પ્રયત્નશીલ છે. જે કરવાથી તેમને અટકાવવા જરૂરી છે. ઉલ્લેખનીય છે કે, દાવાની પ્રથમ ઠરાવ તારીખે તેઓએ નામદાર કોર્ટ સમક્ષ હાજર થઈને તેઓના લેખિત જવાબના સમર્થનમા જરૂરી રેકર્ડસની કલેકટર કચેરી ખાતેથી પ્રમાણીત નકલો મેળવવાની હોય જવાબ રજુ કરવા મુદત માગેલી હતી. તેઓએ તરત જ યાને તા. ૨૭/૦૨/૨૩ ના રોજ કલેકટર, ભરૂચને સીટની કાર્યવાહીના કામે રજુ થયેલ રેકર્ડસની પ્રમાણીત નકલો સીવીલ કોર્ટના કામે રજુ કરવા જરૂર હોવાથી કાઢી આપવા માટે અરજ ગુજારેલી. તેમ છતા તેઓના વારંવારના ધકકા ખાવા છતા આ લેખિત જવાબ રજુ કરતા સુધી વાદી, તેમના પિતા અને તેમના મળતીયાઓના દબાણ અને વગના કારણે તેઓને જરૂરી સાધનીક કાગળોની પ્રમાણીત નકલોની માગણી કરેલ હોવા છતા આપવામા આવેલી નથી. આમ, અધિકારીઓ આજેપણ વાદી અને તેમના પતિના સુરમા સુર પુરાવી તેઓને તેઓના અધિકારોથી વંચીત કરી દેવા એકમત છે. તેવુ તેઓનુ સ્પષ્ટ માનવુ છે. આવા સંજોગોમાં તેઓને એક માત્ર ન્યાયનો સહારો બાકી રહેલો છે.

(૧૨) વધુમા પ્રતિવાદી નં.૧ એ જણાવેલ છે કે, ઉપરોકત તમામ હકીકતો બાબતે તેઓએ એન.સી.એમ (નેશનલ કમિશન ફોર માઈનોરીટીઝ), ગવર્મેન્ટ ઓફ ઈન્ડીયા, નવી દિલ્હીને કરેલી ફરીયાદ મામલે તેઓ ધ્વારા તેઓની ફરીયાદ મામલે તા. ૧૩/૦૨/૨૩ ના રોજ બપોરે ૧૨ કલાકે ચેરમેન શ્રી ઈકબાલસીંઘ લાલપુરાના અધ્યક્ષ સ્થાને બેઠક યોજીને ભરૂચના કલેકટર તથા એસ.પી. ધ્વારા તેઓની ફરીયાદ બાબતે લીધેલા પગલા બાબતે ભારોભાર અસંતોષ વ્યકત કરી તેઓને તેઓની જમીનનો હડપી લીધેલો કબજો પરત અપાવવા અને જવાબદાર સામે તાકીદે પગલા ભરવા માટે બે મહિનાની મુદતમા કાર્યવાહી પુર્ણ કરી કમીશનને લેખિતમા જાણ કરવા હુકમ કરેલો છે. તેઓ એન.સી.એમ સમક્ષ સદર મેટરની હવે પછીની ઠરાવ તા. ૧૭/૦૪/૨૩ ની આપવામા આવેલ છે. આ સાથે તેઓને મોકલવામા આવેલ ઓનલાઈન પ્રોસીડીંગ્સની નકલ કવરીંગ લેટર સહીત રજુ

સામેલ રાખેલ છે. આમ, સમાંતર સ્તરે તેઓને તેઓની જમીનની કબજો અને માલિકી પરત મળી જાય તે માટેની ડેડલાઈન ફીકસ જઈ જાય તે હકીકત જાણતા વાદીએ નામ. કોર્ટ સમક્ષ હાલનો દાવો આપેલો છે. જે દાવાની વચગાળાની મનાઈની દાદ મંજુર કરવામા આવે તો તેના કારણે સમાંતર ચાલતા કોર્ટસ અને પ્રકરણોમા વાદીને જોઈતો કાયદા વિરૂધ્ધનો લાભ મળી જાય અને ન્યાયનો મુળ હેતુ માર્યો જાય તેવી શકયતાઓ જોતા પણ વાદીને માંગ્યા મુજબનો મનાઈ આપવાને બદલે વાદીની મનાઈ અરજી ખર્ચ સહીત રદ કરી વાદીને તેમની કહેવાતી માલિકીની કાયદેસરતા સાબીત કરતા પુરાવાઓ રજુ કરવા હુકમ કરવો જરૂરી છે. ઉપરની હકીકત મુળ જમીન માલીક ભીખાજી અરદેસરના આડી લીટીના વારસો હયાત હોવાની, તેઓની ગેરહાજરીમા જમીનો ખોટી રીતે નામફેર થયેલાની અને છેવટે તેજ જમીનો કહેવાતા વહેંચણી કરાર આધારે પોતાને નામે ચડેલાની તેમજ હાલમા થયેલ વિવિધ ખાતાકીય તપાસ અને કાર્યવાહીઓ સહિતની વિગતો વાદી પહેલેથી જ જાણતા હોવા છતા નામ. કોર્ટ સમક્ષ જાહેર કરેલ નથી. આમ, વાદી ચોખ્ખા હાથે નામ. કોર્ટમા આવેલા નથી અને મહત્વની હકીકતો છુપાવેલ છે તે સ્પષ્ટ જણાઈ આવે છે.

(૧૩) વધુમા પ્રતિવાદી નં.૧ એ જણાવેલ છે કે, વાદીની દાવા અરજીના પેરા–૫ ની હકીકતો બાબતે તેઓ પ્રતિવાદી નં.૧ ને ખાસ જાત માહિતી કે અંગત લેવા દેવા નથી. પ્રતિવાદી નં.ર ને આ દાવાની જમીન સાથે કોઈ જાતની લેવા દેવા કે હિતસંબંધ નથી. માત્ર વાદીએ દાવો કરવા ખાતર અગાઉની તેમની પારીવારીક તકરારને આધાર બનાવી પ્રતિવાદી નં.૧ સામે દાવાવાળી જમીન બાબતે મનાઈ હુકમ મેળવવા ખાતર તેવી પારીવારીક તકરારો અને હકીકતોને આ દાવામા જોડીને તેની સાથે પ્રતિવાદી નં.ર ને ખોટી રીતે પક્ષકાર બનાવી તેઓના વિરૂધ્ધ સહાનુભૂતિ ખાતર રજુઆત કરેલ છે જે સ્પષ્ટ જણાઈ આવે છે. વાદી અને તેમના પરીવારના કહેવાતા બનાવો, તકરારો કે ફરીયાદો બાબતે તેઓ અંગત રીતે કોઈ જાણકારી ધરાવતા નથી કે કોઈ પ્રકરણમા સંડોવાયેલા નથી તે આથી જાહેર કરીએ છીએ. સદર પેરામા વાદીએ પાછળથી હાથો બનાવીને ઉશ્કેરતા હોવાની અને ખોટી ફરીયાદ આપેલાની જે જીકરો કરેલી છે તે બાબતેનો ખુલાસો તેઓએ ઉપરોકત પેરામા વિગતવાર આપેલી હકીકતે આવી જાય છે કે તબકકાવાર રીતે તેઓની ફરીયાદ આધારે સીટ દ્વારા કરવામા આવેલા નિર્ણય બાદ તમામ સતાઓ અને અધિકારીઓએ એકમત થઈને પ્રથમદર્શનીય ગુનો બનેલો હોવાનુ સ્થાપિત થતા તેના આધારે ફરીયાદ દાખલ થયેલી છે. સદર પેરામા વાદીએ તેમને નામદાર હાઈકોર્ટે ધરપકડ નહી કરવા બાબતે જે રજુઆત કરેલી છે તે પણ આડકતરી રીતે એ હકીકત સાબીત કરે છે કે વાદી અને તેનો પુત્ર યુવરાજ પણ એક યા બીજી રીતે કાવતરામા સામેલ છે, મૂળે તે કામે અરજદારોએ કવોશીંગ માટે પીટીશન કરેલી પરંતુ તેમની અરજી મંજુર નથી

કરવામા આવી. માત્ર વચગાળાનો હુકમ છે જે ગમે ત્યારે ઉલટાવી શકાય છે. આમ, વાદીની તેવી રજુઆત કોઈપણ રીતે ધ્યાને લેવા જોગ નથી.

(૧૪) વધુમા પ્રતિવાદી નં.૧ એ જણાવેલ છે કે, વાદીએ દાવા તથા મનાઈ અરજીના પેરા–૬ મા જણાવેલી હકીકતો સદંતર ખોટી, સત્યથી વેગળી અને દાવો આપવા ખાતર ઉપજાવી કાઢેલી છે. તેઓ શાંતીપ્રિય પ્રકૃતિના અને પરસ્પર સહકાર અને સહયોગથી આગળ વધવાની માનસિકતા વાળા માણસ છે. તકરાર, તોફાન અને ધાક ધમકી તેઓના લોહીમા નથી. વાદીએ દાવામા જણાવેલ હકીકતે તેઓએ કયારેય પણ દાવાવાળી જમીન ઉપર ગયેલા નહોતા કે તેઓને વાદીને મળવાનો કોઈ બનાવ બનેલ નથી. આવા સંજોગોમા તેઓને કહેવાતી ધમકી આપવાનો કોઈ સવાલ જ પેદા થતો નથી. તેઓ ચોકકસપણ માને છે કે, તેઓએ તેઓની જમીન મેળવવા કાયદેસર રાહે માંડેલા પગલાઓથી ડરીને ઉપજાઉ જમીન હાથમાથી સરકી નહી જવા દેવાના બદઈરાદે વાદીએ ખોટુ કારણ ઉભુ કરવા ખાતર કહેવાતા બનાવની હકીકત ઉભી કરીને ખોટો દાવો લઈને આવેલા છે. તેઓ એમ માને છે કે વાદીએ દાવાના કામે મુળ ગુનાખોર અને આખા કાવતરાના સુત્રધાર એવા રાજેન્દ્રસિંહ મોતિસિંહને દાવાના પક્ષકાર બનાવેલા નથી જે જોતા વાદીના દાવાને પક્ષકારની ખામીનો સ્પષ્ટપણે બાધ નડે છે. દાવાવાળી જમીન પ્રતિવાદી નં.૧ ના મામાની મિલકત હતી. તેઓ નવસારી મુકામે નિ:સંતાન ગુજરી ગયેલા, જેથી કાયદા મુજબ કલાસ–૨ એટલે કે આડી લીટીના વારસદારો આ મિલકતના હકકદાર બને. તે હકીકતે જોતા પ્રતિવાદી નં.૨ ને આ દાવાની જમીન સાથે કોઈ જાતની લેવા દેવા કે હિત સંબંધ નથી. માત્ર વાદીએ દાવો કરવા ખાતર અગાઉની તેમની પારીવારીક તકરારને આધાર બનાવી પ્રતિવાદી નં.૧ સામે દાવાવાળી જમીન બાબતે મનાઈ હુકમ મેળવવા ખાતર તેવી હકીકતોને આ દાવામા જોડીને તેની સાથે પ્રતિવાદી નં.૨ ને પક્ષકાર બનાવેલા છે જે સ્પષ્ટ જણાઈ આવે છે. જેથી પણ વાદીના દાવાને મીસ જોઈન્ડર ઓફ પાર્ટીઝનો બાધ નડે છે. વાદીએ દાવાનુ કારણ ખોટી રીતે દાવા અરજીના સમર્થનમા ઉપજાવી કાઢેલ હોય તે માન્ય કે મંજુર નથી.

(૧૫) વધુમા પ્રતિવાદી નં.૧ એ જણાવેલ છે કે, કાયદા મુજબ જોતા વાદીએ દાવાનો આંક ખોટો બાંધેલો છે. જાહેરાત માટે કાયદા મુજબ રૂા. ૬૦૦/– અને મનાઈ માટે રૂા. ૩૦૦/– નો આંક બાંધવો પડે. તે જોતા વાદીના દાવો ખોટા આંકથી રજુ થયેલો છે. વાદીના દાવાની હકીકતો બાબતે ઉપરોકત લેખીત જવાબમા જણાવેલ સાચી હકીકતોને એકંદરે નિગાહે લેવામા આવે તો તે સંજોગોમા વાદીનો દાવો કોઈ પણ રીતે સાચો નથી કે દાવાની હકીકતો ખોટી, પાઠાફેર અને ગેરમાર્ગે દોરી ખોટા હુકમ મેળવવા હાલનો દાવો કરેલ હોય જેથી વાદીને દાવાની કોઈપણ દાદ

મળી શકે તેમ નથી કે કોઈ રીતે મંજુર કરી શકાય તેમ નથી અને તેને ખર્ચ સહીત રદ કરતો હુકમ કરી આપવો જરૂરી છે. ઉપરોકત હકીકતે વાદી તરફે તેઓની માલિકીની કાયદેસરતા પુરવાર કરતા નિષ્પક્ષ અને પાકા આધાર પુરાવા રેકર્ડ ઉપર લાવવામા નહી આવે ત્યા સુધી વાદીનો કોઈ પ્રથમ દર્શનીય કેસ નથી, સગવડ અને અગવડની સમતુલા પણ પ્રતિવાદીની તરફેણમા છે અને બનાવટી વીલ તેમજ પાછળથી થયેલ વહેંચણી મુજબ વાદીએ પોતાના હિસ્સાની જમીનનો કબજો હોવાની કરેલી રજુઆત પણ મુળથી રદ બાતલ અને કાયદા વિરૂધ્ધની હોય ચાલી કે ટકી શકે તેમ નથી. આ સંજોગોમા વાદીનો કબજો ભોગવટો કે માલિકી કાયદેસર છે કે ગેરકાયદેસર છે તે બાબત દાવાના પક્ષકારો પાસેથી પુરતા પુરાવા લીધા સિવાય નકકી કરી શકાય તેમ નથી તે હકીકત જોતા ફેકટર ઓફ લોસ પણ હરકોઈ પ્રકારે પ્રતિવાદીની તરફેણમા છે. જે સંજોગોમા વાદીને માંગ્યા મુજબનો મનાઈ હુકમ મંજુર કરી શકાય તેમ નથી. જેથી વાદીની મનાઈ અરજી ખર્ચ સહિત નામંજુર કરતો હુકમ કરી આપવો જરૂરી છે. વાદી તરફે પાછળથી ઉભા કરવામા આવે તેવા રજુઆતો અને પુરાવાઓ સબબે ઈલાયદો જવાબ તેમજ પુરાવાઓ રજુ કરવાનો હકક અબાધિત રાખી હાલનો આ જવાબ રજુ કરેલ છે. આ સંજોગોમા વાદીએ દાવા અરજીના પેરા- (એ),(બી),(સી),(ડી),(ઈ),(એફ) તથા (જી) મુજબની કોઈ દાદ વાદીને મળવાપાત્ર નહી હોવાથી આપી શકાય તેવી નથી. જેથી વાદીનો દાવો તથા મનાઈ અરજી ખર્ચ સહીત રદ કરવા હુકમ કરી આપવા અરજ કરેલ છે.

(૧૬) **તદુપરાંત પ્રતિવાદી નં.૧ એ વાદીના દાવા સામે લેખિત જવાબ રજુ કરી કાઉન્ટર કલેઈમ કરેલ છે જેમા પ્રતિવાદી નં.૧ એ જણાવેલ છે કે,** ઉપરોકત લેખિત જવાબની હકીકતે મુળ જમીન માલિક ભીખાજી અરદેસરના આડી લીટીના વારસો હયાત હોવાની, તેઓની ગેરહાજરીમા જમીનો ખોટી રીતે વાદીના પિતાએ પોતાને નામે નામફેર કરી લીધેલાની અને છેવટે તે જ જમીનો કહેવાતા વહેંચણી કરાર આધારે વાદીને પોતાને નામે ચડેલાની તેમજ હાલમા થયેલી વિવિધ ખાતાકીય તપાસ અને કાર્યવાહીઓ સહિતની વિગતો વાદી પહેલેથી જાણતા હોવા છતા નામદાર કોર્ટ સમક્ષ કાયદાની સ્થાપિત કાર્યવાહીનો દુરૂપયોગ કરી ખોટો દાવો લાવેલા છે જે ચાલવા કે ટકવાપાત્ર નથી.

(૧૭) વધુમા પ્રતિવાદી નં.૧ એ તેઓના કાઉન્ટ કલેઈમમા જણાવેલ છે કે, વાદી અને પ્રતિવાદી નં.૨ પારીવારીક ઝઘડાઓ બાબતેની દાવાની હકીકતો અને ઈબારતો બાબતે પ્રતિવાદી નં.૧ ને ખાસ જાત માહિતી કે અંગત લેવા દેવા નથી. પ્રતિવાદી નં.૨ ને આ દાવાની જમીન સાથે કોઈ જાતની લેવા દેવા કે હિત સંબંધ નથી. માત્ર વાદીએ દાવો કરવા ખાતર અગાઉની તેમની પારીવારીક તકરારને આધાર બનાવી તેઓ પ્રતિવાદી નં.૧ સામે દાવાવાળી જમીન બાબતે મનાઈ હુકમ મેળવવા ખાતર તેવી પારીવારીક તકરારો અને હકીકતોને આ દાવામા જોડીને તેની

સાથે પ્રતિવાદી નં.૨ ને ખોટી રીતે પક્ષકાર બનાવી તેઓના વિરૂઘ્ધ સહાનુભુતિ ખાતર રજુઆત કરેલ છે જે સ્પષ્ટ જણાઈ આવે છે. વાદી અને તેમના પરીવારના કહેવાતા બનાવો, તકરારો કે ફરીયાદો બાબતે તેઓ અંગત રીતે કોઈ જાણકારી ધરાવતા નથી કે કોઈ પ્રકરણમા સંડોવાયેલા નથી તે આથી જાહેર કરીએ છીએ. સદર પેરામા વાદીએ પાછળથી હાથો બનાવીને ઉશ્કેરતા હોવાની અને ખોટી ફરીયાદ આપેલાની જે જીકરો કરેલી છે તે બાબતેનો ખુલાસો તેઓએ ઉપરોકત પેરામા વિગતવાર આપેલી હકીકતે આવી જાય છે કે તબકકાવાર રીતે તેઓની ફરીયાદ આધારે સીટ ઘ્વારા કરવામા આવેલ નિર્ણય બાદ તમામ સતાઓ અને અધિકારીઓએ એકમત થઈને પ્રથમદર્શનીય ગુનો બનેલ હોવાનુ સ્થાપિત થતા તેના આધારે ફરીયાદ દાખલ થયેલ છે. સદર પેરામા વાદીએ તેમને નામ. હાઈકોર્ટે ધરપકડ નહી કરવા બાબતે જે રજુઆત કરેલી છે તે પણ આડકતરી રીતે એ હકીકત સાબીત કરે છે કે વાદી અને તેનો પુત્ર યુવરાજ પણ એક યા બીજી રીતે કાવતરામા સામેલ છે તેવુ તેઓનુ માનવુ છે.

(૧૮) વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીના કામે નોટીસ કાઢવા હુકમ કરવામાં આવેલ. જે નોટીસ/સમન્સ પ્રતિવાદી નં.૨ ને ધોરણસરની બજવણી થઈ જતા પ્રતિવાદી નં.૨ તરફે તેઓના વિ.વકીલશ્રી જે.એસ.ખેર મારફતે અદાલત સમક્ષ હાજર થયેલ છે અને **આંક–૧૮** થી વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીનો લેખિત જવાબ આપેલ છે. પ્રતિવાદીઓ તરફે રજુ થયેલ લેખિત જવાબમાં વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીનો ઈનકાર કરેલ છે અને વધુમા જણાવેલ છે કે, વાદીના દાવા તથા મનાઈ અરજીને નોન જોઈન્ડર ઓફ નેસેસરી પાર્ટીઝ તથા મીસ જોઈન્ડર ઓફ પાર્ટીનો બાધ નડે છે. વાદીના દાવા તથા મનાઈ અરજીને સપ્રેશન ઓફ મટીરીયલ ફેકટરસના સિઘ્ધાંતનો સ્પષ્ટપણે બાધ નડે છે. વાદીના દાવા તથા મનાઈ અરજીના પેરા–૧ ની હકીકત ખોટી છે. વાદી વાલીયા ગામે આવેલા ગુજરાત હાઉસીંગ બોર્ડના ઘર નંબર ૪૫ મા છેલ્લા ૩૦ વર્ષ ઉપરાંતથી રહેતા આવેલા છે. જે સંજોગોમા વાદીએ નામદાર કોર્ટ સમક્ષ ખોટી રજુઆત કરેલી છે. વાદી કયારેય ખેતી કરતા તેઓના જોવામા આવેલ નથી. તેવી વાદીની હકીકત તેઓને કબુલ કે માન્ય નથી.

(૧૯) વધુમા પ્રતિવાદી નં.૨ એ જણાવેલ છે કે, વાદીના દાવા તથા મનાઈ અરજી વાળી જમીનો સાથે તેઓ પ્રતિવાદીને કોઈ નિસ્બત નથી. પરંતુ તેવી જમીનની કહેવાતી માલિકી વાદીની હોવાની હકીકત અને જીકરો મુળથી ખોટી અને ગેરમાર્ગે દોરનારી છે. વાદીએ દાવાવાળી જમીનની ચતુર્દિશા ખોટી જણાવેલ છે. વાદી ખેતર ખેતી કરવા આવતા જ નથી તેથી તેમને વગડે સાચી સ્થિતિ શુ છે અને ચતુર્દિશા કેવી છે તેની સાચી માહિતી નથી. જેથી દાવામા ખોટી હકીકતો જણાવેલ છે. ખરેખર

દાવાવાળી બ્લોક નં. ૩૫૦ ની ચતુર્દિશા નીચે મુજબ છે:

પુર્વ: સરકારી ગાડાવાટ રસ્તો આવેલો છે.

પશ્ચિમ: લાગુ બ્લોક નં. ૩૪૭ ની શિવસિંહ મોતીસિંહ રાઠોની જમીન છે.

ઉતર: લાગુ બ્લોક નં. ૩૪૯ ની શિવસિંહ મોતીસિંહ રાઠોડની જમીન છે.

દક્ષિણ: ડહેલી થી ચાસવડ ને જોડતો પાકો ડામર રોડ આવેલો છે.

તે પેરેગ્રાફમા વાદીએ જણાવેલી જમીનો વાદીની માલિકી અને કબજા ભોગવટાની ખેતીની જમીન આવેલ હોવાની હકીકતો ખોટી અને બનાવટી અને દાવો કરવા ખાતર વાદીએ ઉપજાવી કાઢેલી હોય તે માની શકાય તેવી નથી. જમીનોના મુળ માલિક પારસી ભીખાજી અરદેસર ભરૂચા હતા અને છે. તેઓએ કયારેય કાયદેસર રીતે આ જમીન કોઈને ટ્રાંસફર કે તબદીલ કરેલી નથી. જે સંજોગોમાં જમીનની માલિકી હોવાની વાદીની જીકરો ખોટી અને ગેરમાર્ગે દોરનારી છે જે તેઓને માન્ય કે મંજુર નથી.

(૨૦) વધુમા પ્રતિવાદી નં.૨ એ જણાવેલ છે કે, વાદીના દાવા તથા મનાઈ અરજીના પેરા–૩ ની હકીકત ખોટી છે. તેઓની ઉત્તમ જાણ મુજબ દાવા અરજીના પેરા–૨ મા જણાવેલી જમીન વાદીના પતિ રાજેન્દ્રસિંહ મોતિસિંહ રાઠોડે ઉપજાવી કાઢેલા બોગસ વીલ અને પાવર આધારે ખોટી રીતે પોતાના નામે ચડાવેલી. જે સંજોગોમા તેવા કહેવાતા રાજેન્દ્રસિંહ મોતિસિંહ રાઠોડ સદર દાવાવાળી જમીનના કોઈ પણ રીતે માલિક કે અધિકૃત કબજેદાર કે ભોગવટેદાર હતા નહી કે છે નહી. તે વિરૂધ્ધની વાદીની હકીકતો ખોટી હોય તે માની શકાય તેવી નથી.

(૨૧) વધુમા પ્રતિવાદી નં.૨ એ જણાવેલ છે કે, વાદીના દાવા તથા મનાઈ અરજીના પેરા–૪ ની જીકરો ખોટી અને ગેરમાર્ગે દોરનારી હોય તે માની શકાય તેવી નથી. રાજેન્દ્રસિંહ મોતીસિંહ રાઠોડે બનાવટ કરીને સરકારી અધિકારીના મેળાપીપણામા જમીન ખોટી રીતે પોતાના નામે ચડાવી લીધેલી, તેને તે જમીન વહેંચણમા આપવા કોઈ હકક કે અધિકારી હતા નહી કે છે નહી. જેથી વાદીની દાવા મુજબની રજુઆત પણ માની શકાય તેવી નથી. કહેવાતા વહેંચણકર્તાને સદર દાવાવાળી જમીનો વહેંચણમા આપવાને કોઈ હકક કે અધિકાર પહોંચતા નહી હોય તેવી વહેંચણી મુળથી રદ બાતલ ગણાય. જે જોતા તેવી કહેવાતી વહેંચણના આધારે ઈટકલાના ગામ દફતરે ફેરફાર નોંધ નંબર– ૧૫૦૨, તા. ૨૫/૩/૨૦૦૩ ના રોજ પડેલ છે તે મુળથી કાયદા વિરૂધ્ધની ગણાય. સદર પેરામા વાદીએ પોતે દાવાવાળી જમીનમા બોરવેલ કરાવેલ હોવાની જીકરો મુળથી ખોટી અને ગેરમાર્ગે દોરનારી હકીકત છે. દાવાવાળી જમીનમા છે કે ૧૯૭૯ ના વર્ષમા મુળ જમીન માલિક ભીખાજી અરદેસર ભરૂચાએ કુવો ખોદાવેલ અને તેના ઉપર સિંચાઈ માટે જી.ઈ.બી. (અગાઉ

ચાલતા સરકારી વિજળી વિભાગ યાને ગુજરાત ઈલેકટ્રીસીટી બોર્ડ) પાસેથી વીજ જોડાણ મેળવેલ હતુ. આમ, બોર અને વિજ જોડાણની હકીકત પણ વાદીઓ ખોટી જણાવેલ છે. મુળ જમીન માલિક ભીખાજી અરદેસર ભરૂચાના અવસાન પછી તેઓના બોગસ અને બનાવટી પાવર ઓફ એટર્ની બનાવીને વાદીના પતિ રાજેન્દ્રસિંહે સને ૧૯૯૫ ના વર્ષમા સદર દાવાવાળી જમીન ઉપર આવેલા વિજ કનેકશનના હોર્સપાવરમા વધારો કરાવવા બનાવટી કાગળો તૈયાર કરેલા. જેની નકલો તેઓએ જોયેલી છે. આમ, દાવાવાળી જમીનો પહેલેથી ભીખાજી અરદેસર ભરૂચાએ બહોળો ખર્ચ કરીને છાણીયા ખાતર તેમજ દીવેલ ખોળ વગેરેથી ઉપજાઉ બનાવેલી અને તેમા પિયતની સગવડો પણ તેઓએ જાતે જ ઉભી કરેલ હતી. જે જમીન વાદીના પતિએ બોગસ પુરાવા આધારે ખોટી રીતે પડાવી લેવા કારસો કરીને અંજામ આપી પોતાના નામે ચડાવી લીધેલ અને ત્યારબાદ વાદીના નામે કરી છે. આ તમામ હકીકતો વાદી પણ પહેલેથી વાકેફ અને માહિતગાર હતા અને છે તેમ છતા, વાદીએ કોર્ટના પ્રોસેસનો ગેરલાભ ઉઠાવવાના બદઈરાદે નામદાર કોર્ટ સમક્ષ સાચી હકીકતોને તોડી મરોડીની ખોટી રીતે રજુ કરેલ છે.

(૨૨) વધુમા પ્રતિવાદી નં.૨ એ જણાવેલ છે કે,વાદીની દાવા અરજીના પેરા–૫ ની હકીકતો ખોટી અને ગેરમાર્ગે દોરનારી છે. ખરી હકીકત એવી છે કે, તેઓ પ્રતિવાદી નં.૨ ના પિતા શિવસિંહ રાઠોડના હિસ્સાની જમીનમા થઈને વાદીના પિતાએ ખોટી રીતે રસ્તાની માંગણી કરેલી. જે તેઓના પિતાએ માન્ય રાખેલી નહી. જે બાબતની અદાવત રાખીને વાદી અને તેમના મળતીયાઓએ એકસંપ થઈને તેઓ પ્રતિવાદી નં.૨ વિરૂધ્ધ ખોટી અને તરકટી ફરીયાદ લખાવી પોતાની વગનો દુરુપયોગ કરી એફ.આઈ.આર દાખલ કરાવેલી. તે ગુનાની કેસ કાર્યવાહી હાલ અંકલેશ્વર સેશન્સ કોર્ટ સમક્ષ નિર્ણયાધિન પડતર છે. જે સંજોગોમા વાદીની તે વિરૂધ્ધની જીકરો તેઓ વિરૂધ્ધ દ્રેષભાવથી કરેલી રજુઆતો સિવાય બીજુ કંઈ નથી. આમ, વાદી સાથેની મુળ રસ્તાની તકરાર સાથે હાલના દાવાને કોઈ લાગતુ વળગતુ નથી. પરંતુ અગાઉ કરેલી એફ.આઈ.આર ને આગળ કરી કોર્ટની સહાનુભુતિ મેળવવા ખાતર દાવો કરવા પુરતુ તેઓનુ નામ આ દાવાના પક્ષકાર તરીકે ખોટી રીતે જોડી દીધેલ છે. આમ, મુળ દાવાની બાબતે તેઓ પ્રતિવાદી નં.૨ ને અંગત લેવા દેવા કે હિત સંબંધ નથી. સદર પેરામા વાદીએ પાછળથી હાથો બનાવીને ઉશ્કેરતા હોવાની અને ખોટી ફરીયાદ આપેલાની જે જીકરો કરેલી છે તે ખોટી છે. ફરીયાદ આધારે સીટ ધ્વારા કરવામા આવેલ નિર્ણય મુજબ વિવિધ સતાઓ અને અધિકારીઓએ એકમત થઈને પ્રથમદર્શનીય ગુનો બનેલો હોવાનુ સ્થાપિત થતા તેના આધારે વાદી વિરૂધ્ધ તે ફરીયાદ દાખલ થયેલી છે.

(૨૩) વધુમા પ્રતિવાદી નં.૨ એ જણાવેલ છે કે, વાદીએ દાવા તથા મનાઈ અરજીના પેરા–૬ મા

જણાવેલ હકીકતો સદંતર ખોટી, સત્યથી વેગળી અને દાવો આપવા ખાતર ઉપજાવી કાઢેલી છે. તેઓ શાંતિપ્રિય પ્રકૃતિના અને પરસ્પર સહકારથી આગળ વધવાની માનસિકતા વાળા માણસ છે. વાદીએ દાવામા જણાવેલ હકીકતે તેઓએ કયારેય પણ દાવાવાળી જમીન ઉપર કયારેય ગયેલા નથી કે તેઓને વાદીને મળવાનો કોઈ બનાવ બનેલો નથી. આવા સંજોગોમા તેઓને કહેવાતી ધમકી આપવાનો કોઈ સવાલ જ પેદા થતો નથી. તેઓ ચોકકસપણે માને છે કે દાવાવાળી જમીનના મુળ જમીન માલીક વારસોને અપાવવા માંડેલા પગલાઓથી ડરીને ઉપજાઉ જમીન હાથમાથી સરકી નહી જવા દેવાના બદઈરાદે વાદીએ ખોટુ કારણ ઉભુ કરવા ખાતર કહેવાતા બનાવની હકીકત ઉભી કરીને ખોટો દાવો લઈને આવેલા છે. વાદીએ દાવાનુ કારણ ખોટી રીતે દાવા અરજીના સમર્થનમા ઉપજાવી કાઢેલ હોય તે માન્ય કે મંજુર નથી. વાદીએ દાવાનો આંક ખોટો બાંધેલો છે. જાહેરાત માટે કાયદા મુજબ રૂા. ૬૦૦૬– અને મનાઈ માટે રૂા. ૩૦૦/– નો આંક બાંધવો પડે. તે જોતા વાદીના દાવો ખોટો આંકથી રજુ થયેલ છે. વાદીના દાવાની હકીકતો બાબતે ઉપરોકત લેખીત જવાબમા જણાવેલ સાચી હકીકતોને એકંદરે નિગાહે લેવામા આવે તો તે સંજોગોમા વાદીનો દાવો કોઈ પણ રીતે સાચો નથી કે દાવાની હકીકતો ખોટી, પાઠાફેર અને ગેરમાર્ગે દોરી ખોટા હુકમ મેળવવા હાલનો દાવો કરેલ હોય જેથી વાદીને દાવાની કોઈપણ દાદ મળી શકે તેમ નથી કે કોઈ રીતે મંજુર કરી શકાય તેમ નથી અને તેને ખર્ચ સહીત રદ કરતો હુકમ કરી આપવો જરૂરી છે. ઉપરોકત હકીકતે વાદી તરફે તેઓની માલિકીની કાયદેસરતા પુરવાર કરતા નિષ્પક્ષ અને પાકા આધાર પુરાવા રેકર્ડ ઉપર લાવવામા નહી આવે ત્યા સુધી વાદીનો કોઈ પ્રથમ દર્શનીય કેસ નથી, સગવડ અને અગવડની સમતુલા પણ પ્રતિવાદીની તરફેણમા છે અને બનાવટી વીલ તેમજ પાછળથી થયેલ વહેંચણી મુજબ વાદીએ પોતાના હિસ્સાની જમીનનો કબજો હોવાની કરેલી રજુઆત પણ મુળથી રદ બાતલ અને કાયદા વિરૂધ્ધની હોય ચાલી કે ટકી શકે તેમ નથી. આ સંજોગોમા વાદીનો કબજો ભોગવટો કે માલિકી કાયદેસર છે કે ગેરકાયદેસર છે તે બાબત દાવાના પક્ષકારો પાસેથી પુરતા પુરાવા લીધા સિવાય નકકી કરી શકાય તેમ નથી તે હકીકત જોતા ફેકટર ઓફ લોસ પણ હરકોઈ પ્રકારે પ્રતિવાદીની તરફેણમા છે. જે સંજોગોમા વાદીને માંગ્યા મુજબનો મનાઈ હુકમ મંજુર કરી શકાય તેમ નથી. જેથી વાદીની મનાઈ અરજી ખર્ચ સહિત નામંજુર કરતો હુકમ કરી આપવો જરૂરી છે. વાદી તરફે પાછળથી ઉભા કરવામા આવે તેવા રજુઆતો અને પુરાવાઓ સબબે ઈલાયદો જવાબ તેમજ પુરાવાઓ રજુ કરવાનો હકક અબાધિત રાખી હાલનો આ જવાબ રજુ કરેલ છે. આ સંજોગોમા વાદીએ દાવા અરજીના પેરા–(એ),(બી),(સી),(ડી),(ઈ),(એફ) તથા (જી) મુજબની કોઈ દાદ વાદીને મળવાપાત્ર નહી

હોવાથી આપી શકાય તેવી નથી. જેથી વાદીનો દાવો તથા મનાઈ અરજી ખર્ચ સહીત રદ કરવા હુકમ કરી આપવા અરજ કરેલ છે. વાદી તરફે પાછળથી ઉભા કરવામા આવે તેવી રજુઆતો અને પુરાવાઓ સબબે ઈલાયદો જવાબ તેમજ પુરાવાઓ તથા કલેઈમ રજુ કરવાનો હકક અબાધિત રાખી હાલનો આ જવાબ રજુ કરેલ છે.

(૨૪) **તદુપરાંત વાદીએ આંક–૨૨ થી પ્રતિવાદી નં.૧ એ તેઓની દાવા અરજી વિરૂઘ્ઘ આંક–૧૫ થી આપેલ લેખિત જવાબ વિરૂઘ્ઘ કાઉન્ટ એફીડેવીટ આપી તેમા જણાવેલ છે કે,** પ્રતિવાદી નં.૧ એ આ કામમા રજુ કરેલ લેખિત જવાબ કાયદામા ફરમાવેલ જોગવાઈઓ મુજબનો ન હોય તે સમગ્ર લેખિત જવાબ ઘ્યાને લેવા પાત્ર નથી અને તે આ દાવાના કામે વાંચી શકાય નહી. પ્રતિવાદી નં.૧ ના લેખિત જવાબના પેરા–૭ ની હકીકત પ્રતિવાદીએ તેમના ખોટા બચાવ માટે ઉપજાવી કાઢેલી છે. સને ૨૦૦૩ ની સાલ પહેલા દાવાવાળી જમીનના માલિક અને કબજેદાર તેઓ વાદીના પિતા રાજેન્દ્રસિંહ મોતીસિંહ રાઠોડ હતા તે હકીકત રેવન્યુ રેકર્ડ ઉપર અંકીત થયેલ છે. સદર પેરામાં રાજેન્દ્રસિંહ મોતીસિંહ રાઠોડની માલિકી મુળથી ખોટી બનાવટી અને ઉપજાવી કાઢેલા બોગસ દસ્તાવેજ ઉપર આધીન હોવાની હકીકત ખોટી છે. વાદીએ આ દાવાના સમર્થનમા પુરતા આધાર પુરાવા રજુ કરેલા છેજ.

(૨૫) વધુમા વાદીએ તેઓના કાઉન્ટ એફીડેવીટમા જણાવેલ છે કે, પ્રતિવાદી નં.૧ ના લેખિત જવાબના પેરા–૮ ની હકીકતો પ્રતિવાદીએ ખોટી રીતે રજુ કરેલ છે. વાદીના પિતાએ તેઓની હયાતિમા જમીનોની વહેંચણ કરેલી તે હકીકત રેવન્યુ રેકર્ડ ઉપર નોંધાયેલી છે. જેથી તે મુળથી ખોટી હોવાનુ કથન કરવાનો પ્રતિવાદી ને કોઈ હકક કે અધિકાર નથી. વહેંચણ કરાર તલાટી સમક્ષ રજુ કરવામા આવેલ હોય તે આધારે એન્ટ્રી નં. ૧૫૦૨ તા. ૨૫/૦૩/૨૦૦૩ ની પાડવામા આવેલ છે. સદર પેરામા રાજેન્દ્રસિંહ મોતીસિંહ દાવાવાળી જમીનના માલિક અધિકૃત કબજેદાર કે ભોગવટેદાર હતા નહી કે છે નહી. તેવુ જણાવવાનો પ્રતિવાદીને કોઈ હકક કે અધિકાર નથી અને તે નોંધ નં. ૧૫૦૨ જે તા. ૨૫/૦૩/૨૦૦૩ ના રોજ પડેલ છે તેને પ્રતિવાદી નં.૧ એ ૨૦ વર્ષના લાંબા ગાળા સુધી ચેલેંજ કરેલ નથી અને હાલમા તેને પડકારવામા આવેલ છે તે જોતા વાદીનો દાવાવાળી જમીન ઉપર છેલ્લા ૨૦ વર્ષથી એકધારો સતત કબજો ભોગવટો ચાલી આવેલ છે. સદર પેરામા નોંધ નં. ૧૪૫૩ અંગે જે આક્ષેપો કરવામા આવેલા છે તે ખોટા છે. તે નોંધ નં. ૧૪૫૩ ના વીલ અંગે જે આક્ષેપ કરવામા આવેલા છે. તે અંગે પ્રતિવાદી નં.૧ એ સક્ષમ સિવીલ કોર્ટથી દાદ મેળવવી જોઈએ. પરંતુ આજદીન સુધી તેવી કોઈ કાર્યવાહી કરવામા આવી નથી. નોંધ નં. ૧૪૫૩ ના વ્યવહારો અંગે પ્રતિવાદી નં.૧ એ યોગ્ય હકુમત ધરાવતી સિવીલ કોર્ટ મારફતે દાદ

મેળવવી જોઈતી હતી. પરંતુ તેવી કોઈ કાર્યવાહી તેઓએ આજદીન સુધી કરેલ નથી. સદર પેરામા નાયબ કલેકટરશ્રી ઝઘડીયાના કરેલ હુકમ નં.આર.ટી.એસ.અપીલ.નં.૨૫૪/૨૨, તા. ૦૩/૦૩/૨૩ થી નોંધ નં. ૧૪૫૩ તથા નોંધ નં. ૧૫૦૨ રદ કરતો હુકમ કરવા જે હકીકત જણાવી છે. પરંતુ તે હુકમ વાચતા તેમા વીલ ખોટુ હોવાનો ઉલ્લેખો કરવામા આવેલા છે કે જે વીલ સાચુ છે કે ખોટુ છે તે નકકી કરવાની સતા તેઓને નથી. તેમ છતા તે વીલ અંગે અનુમાનો બાંધી એન્ટ્રી નં. ૧૪૫૩ રદ કરવાનો હુકમ કરેલ છે. જયારે એન્ટ્રી નં. ૧૫૦૨ અંગે તે હુકમ માટે કોઈ ચર્ચા કરવામા આવેલ નથી. વળી, તે અપીલ ૩૦ વર્ષ જેવા લાંબા સમયે કરવામા આવેલ હતી. જે મુદત બહાર હોવા છતા તે દાખલ કરવામા આવેલી. નાયબ કલેકટશ્રીનો તે હુકમ આખરી હુકમ નથી. તે હુકમ વિરૂધ્ધ વાદીએ મહેરબાન ભરૂચના કલેકટર સમક્ષ સમય મર્યાદામા અપીલ દાખલ કરેલ છે. જે અપીલનુ કામ હાલ પેંડીગ છે અને તે કામે નાયબ કલેકટરશ્રીનો હુકમ રદ થવાના પુરા સંજોગો છે. પ્રતિવાદી નં.૧ એ નાયબ કલેકટરના હુકમ આધારે રેવન્યુ રેકર્ડમા તા. ૦૬/૦૩/૨૩ ના રોજ એન્ટ્રી નં. ૨૪૩૦ ની પડાવી દીધેલ છે અને તે એન્ટ્રી ફકત ૧૪ દિવસમા પ્રમાણિત કરી દેવામા આવેલ છે તે હકીકત આ કામે ખુબ સુચક છે. સદર પેરાના સબ પેરામા દાવાવાળી જમીનમા બોરવેલ તથા લાઈટ કનેકશન અંગેની જે હકીકતો જણાવી છે તે ખોટી છે. તેમજ તેને લગતી અન્ય હકીકતો પણ ખોટી છે. તેના સમર્થનમા પ્રતિવાદીએ કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા નથી. સદર પેરાના સબ પેરા–૩ મા જણાવેલ હકીકતો પણ ખોટી છે અને તે અંગે પ્રતિવાદીએ કોઈ સચોટ પુરાવા રજુ કરેલ નથી. વીલ અંગેના જે આક્ષેપો કરેલા છે તે વીલને પ્રતિવાદીએ આજદીન સુધી કોઈ સક્ષમ કોર્ટમા પડકારેલ નથી અને તે વીલને હવે કાયદાની જોગવાઈઓ મુજબ પડકારી શકાય તેમ નથી. સદર વીલ અંગેના જે આક્ષેપો છે તે વાદીના પિતા રાજેન્દ્રસિંહ મોતીસિંહ રાઠોડ સામે કરવામા આવેલા છે કે જેઓ આ દાવાના કામે પક્ષકાર નથી જેથી તેવા આક્ષેપો આ દાવાના કામે નિરર્થક છે. વીલના સાક્ષી અંગેનો જે ઉલ્લેખ કરેલ છે તે પણ હાલના તબકકે નિરર્થક છે. બનાવની હકીકતની જાણ તેઓના મોટાભાઈને થતા તેઓએ સર્ટીફાઈડ નકલો કઢાવતા તેઓને જાણ થયેલી હોવાની હકીકત તદન ખોટી છે. કારણકે પ્રતિવાદી નં.૧ મોજે પાતલ, તા. વાલીયા મુકામે હેકટર ૨–૮૫–૦૦ જેટલી જમીન ધરાવે છે અને પાતલ ગામ ઈટકલાની નજીકમા આવેલ છે. જેથી તેઓને સમગ્ર બાબતની પહેલેથી જ જાણ હતી. તેમ છતા તેઓએ કોઈ કાર્યવાહી કરેલ નથી. સદર પેરામા પોલીસ ફરીયાદ અંગે તેમજ નામ. હાઈકોર્ટમા કરેલ સ્પે. ક્રિમીનલ એપ્લીકેશનની હકીકતે જણાવેલી છે. તેમજ લઘુમતી કમીશન અંગેની જે હકીકતો જણાવેલી છે તે હાલના તબકકે નિરર્થક છે. પરંતુ તે હકીકતો સંબંધી વાલીયા પોલીસ સ્ટેશનમા ફરીયાદ દાખલ કરવામા

આવેલી છે અને તે ફરીયાદના કામે વાદીએ નામ. ગુજરાત હાઈકોર્ટમા તે ફરીયાદ રદ કરાવવા દાદ માંગેલી છે. તે કામે નામ. હાઈકોર્ટે વાદીની ધરપકડ નહી કરવા તેમજ તે નામ. કોર્ટની પરવાનગી વગર ચાર્જશીટ નહી કરવાનો હુકમ કરેલ છે. તેમજ અલ્પસંખ્યક આયોગની કાર્યવાહીમા તેઓ પક્ષકાર નથી જેથી તે અંગે વાદીને કોઈ માહિતી નથી. સદર પેરાના સબ પેરા−૪ મા જણાવેલ એન.સી.એમ ની કાર્યવાહીમા તેઓ પક્ષકાર નથી અને તે અંગે વાદીની કોઈ માહિતી નથી. સદર પેરામા પ્રતિવાદી નં.૧ કલ્પનાઓમા રાચતા હોય તેમ જણાય છે અને તેમા જણાવેલ '' અમોને જમીનનો કબજો અને માલિકી પરત મળી જાય તે માટેની ડેડલાઈન ફીકસ થઈ જવા અંગે જે હકીકત જણાવેલ છે તેના પરથી ખ્યાલ આવે છે.'' પરંતુ પ્રતિવાદી નં.૧ એ કબજા અંગેની અગત્યની માહિતી જાણી બુજીને જણાવેલ નથી. પ્રતિવાદી નં.૧ એ આર.ટી.એસ અપીલ નં. ૨૫૪/૨૨ ની હકીકતોનો ઉલ્લેખ કરેલ છે તે સાથે તેઓએ મોજે ઈટકલાના રેવન્યુ રેકર્ડમા ખેડ હકક અંગેની પડેલ એન્ટ્રી નં. ૧૦૯૬ તા. ૦૬/૦૮/૧૯૯૧ સામે નાયબ કલેકટર ઝઘડીયા સમક્ષ ટેનેન્સી અપીલ નં. ૧/૨૦ કરેલી. તે અંગેના કોઈ ઉલ્લેખો લેખિત જવાબમા કરેલા નથી. એન્ટ્રી નં. ૧૦૯૬ તા. ૦૬/૦૮/૧૯૯૧ થી દાવાવાળી જમીનોના ખેડ હકકમા તેઓ વાદીના પિતાનુ નામ દાખલ કરવામા આવેલ હતુ અને ત્યારથી ખેડ હકકમા તે નામ ચાલી આવેલ હતુ તે વિરૂધ્ધ પ્રતિવાદી નં.૧ એ મહે. નાયબ કલેકટર ઝઘડીયાની કોર્ટમા ટેનેન્સી અપીલ નં. ૧/૨૨ ની ગુજારેલી. તેઓની તે અપીલ તેઓ સાહેબે તા. ૦૩/૦૩/૨૩ ના રોજ હુકમ કરી નીચે મુજબનો હુકમ કરેલો:−

> '' અરજદારની અપીલ અરજી '' અગ્રાહય'' રાખવામા આવે છે.
>
> મામલતદાર શ્રી વાલીયાનો ખેડ હકકનો હુકમ: ક્રમાંક: આર.ટી.એસ/વશી/તા. ૨૩/૧૦/૧૯૮૯ યોગ્ય અને કાયદેસરનો જણાતો હોય યથાવત રાખવા હુકમ કરવામા આવે છે.
>
> ઉપરોકત પ્રતિવાદી નં.૧ એ ઈરાદાપૂર્વક છુપાવેલી છે.

(૨૬) વધુમા વાદીએ તેઓના કાઉન્ટ એફીડેવીટમા જણાવેલ છે કે, પ્રતિવાદી નં.૧ ના લેખીત જવાબના પેરા−૯ ની હકીકતો પ્રતિવાદીએ ખોટી જણાવેલી છે. વાદીની પારીવારીક તકરારની જે તકરાર જણાવેલી છે તે વાદીએ દાવાના કામે કયારેય જણાવેલ નથી અને તે પ્રતિવાદી નં.૧ તે લઈને આવેલા છે. પ્રતિવાદી નં.૨ ને ખોટી રીતે પક્ષકાર તરીકે જોડેલા હોવાની હકીકત સાચી નથી. કારણકે આ પ્રતિવાદી નં.૨ પુષ્પરાજસિંહ આ સમગ્ર પ્રકરણના માસ્ટર માઈન્ડ છે અને તેઓએ પ્રથમ તા. ૦૯/૦૭/૨૧ ની અરજી કલેકટર ભરૂચ સમક્ષ કરેલી અને ત્યારથી આ પ્રકરણો ઉપસ્થિત

થયેલા છે અને ત્યારબાદ તેવી જ અરજી તેઓએ આ કામના પ્રતિવાદી નં.૧ પાસે તા. ૨૪/૦૩/૨૨ ના રોજ અલ્પસંખ્યક આયોગને કરાવેલી. જે હકીકત તેઓએ રજુ કરેલ પુરાવાના લિસ્ટના કાગળો જોતા જણાઈ આવે છે. પ્રતિવાદીઓએ ધમકી આપતા આ દાવો કરવાની વાદીને ફરજ પડેલ છે. પ્રતિવાદી નં.૧ ના લેખિત જવાબના પેરા–૧૧ ની હકીકત ખોટી છે. કારણ કે રાજેન્દ્રસિંહ મોતીસિંહ તે વાદીના પતિ થાય છે. તેઓની વિરૂધ્ધમા દાવો કરવાનુ તેઓ વાદીને કોઈ કારણ ઉપસ્થિત થતુ નથી. પ્રતિવાદી નં.૧ ના લેખીત જવાબના પેરા ૧૨ થી ૧૪ ની હકીકતો પણ ખોટી છે. પ્રતિવાદી નં.૧ એ ખોટી જણાવેલી છે. પ્રતિવાદી નં.૧ ના લેખીત જવાબના પેરા ૧૫ અને ૧૬ ની હકીકતો પણખોટી છે. વાદીએ દાવાવાળી જમીનના કબજા ભોગવટા અંગે જે પુરાવા રજુ કરેલ છે તેના ઉપરથી વાદીનો પ્રથમ દર્શનીય કેસ પુરવાર થાય છે. તેમજ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીની તરફેણમા હોવાનુ પુરવાર થાય છે. રેકર્ડ ઉપરના પુરાવા જોતા દાવાવાળી જમીન વાદીના કબજા ભોગવટામા હોવાનુ સાબીત થાય છે. તેમજ તેમા વાદીએ બહોળો ખર્ચ કરી બોરવેલ કરાવી ઈલેકટ્રીક મોટર મુકેલ છે. તેમજ જમીન ફળદ્રુપ બનાવેલી છે. જેથી વાદીના લાભમા વચગાળાનો મનાઈ હુકમ ન આપવામા આવે તો પ્રતિવાદીઓ વાદીનો કબજો ઝુટવી લે અને વાદીને નાણાથી બદલો ન મળે તેવુ ગંભીર પ્રકારનુ નુકસાન જવા સંભવ છે. જેથી ફેકટર ઓફ લોસનુ તત્વ પણ વાદીની તરફેણમા છે. જેથી વાદીને પ્રતિવાદીઓ વિરૂધ્ધ વચગાળાનો મનાઈ હુકમ આપવો જરૂરી છે. વાદી તેઓના દાવાવાળી જમીન ઉપર માલિકી હકક તેમજ કબજો સાબિત કરવામા સફળ થાય તેમ છે જેથી વાદીની મનાઈ અરજી તેમજ દાવો મંજુર થવાના પુરેપુરા સંજોગો છે.

(૨૭) **તદુપરાંત વાદીએ આંક–૨૫ થી પ્રતિવાદી નં.૨ એ તેઓની દાવા અરજી વિરૂધ્ધ આંક–૧૮ થી આપેલ લેખિત જવાબ વિરૂધ્ધ કાઉન્ટ એફીડેવીટ આપી તેમા જણાવેલ છે કે,** પ્રતિવાદી નં.૨ એ આ કામમા રજુ કરેલ લેખિત જવાબ કાયદામા ફરમાવેલ જોગવાઈઓ મુજબનો ન હોય તે સમગ્ર લેખિત જવાબ ધ્યાને લેવા પાત્ર નથી અને તે આ દાવાના કામે વાંચી શકાય નહી. પ્રતિવાદી નં.૨ ના લેખિત જવાબના પેરા ૧ થી ૪ ની હકીકત ખોટી છે. પ્રતિવાદી નં.૨ ના લેખિત જવાબના પેરા–૫ ની હકીકત ખોટી છે. તેઓ વાદીના પતિનુ મકાન મોજે ઈટકલા, તા. વાલીયા મુકામે આવેલ છે. વાલીયા મુકામે ગુજરાત હાઉસીંગ બોર્ડનુ ઘર નં.૪૫ તેઓ વાદીના પિતા રાજેન્દ્રસિંહ મોતી સિંહ રાઠોડના નામે ચાલી આવેલ છે. જેથી તેઓ વાદી વાલીયા મુકામે તથા ઈ ટકલા મુકામે પણ રહે છે અને તેઓ વાદીનો વ્યવસાય ખેતીનો તેમજ ઘરકામ છે. જેથી તેઓ વાદી દાવાવાળી જમીનમા ખેતી કરાવતા આવેલ છે. પ્રતિવાદી નં.૨ ના લેખિત જવાબના પેરા–૬ મા જણાવેલ હકીકતો ખોટી છે. દાવા અરજીમા જણાવેલ મિલકતો તેઓ વાદીના નામે અને કબજા

ભોગવટામા ચાલી આવેલ છે. દાવાવાળી મિલકતો સને ૨૦૦૧ સુધી ભીખાજી અરદેસર ભરૂચાના નામે હતી. પરંતુ તે જમીનનો કબજો તેઓના પતિ રાજેન્દ્રસિંહ મોતીસિંહનો સને ૧૯૯૧ પહેલાથી જ ચાલી આવેલ હતો. તેઓએ દાવાવાળી જમીનની દાવા અરજીમા લખેલ ચતુર્દિશા બરાબર લખેલ છે. પ્રતિવાદી નં.ર ના લેખિત જવાબના પેરા-૭ ની હકીકતો ખોટી છે. તે હકીકતો તેમણે તેમની જાણ મુજબ લખેલ છે તે હકીકત વેગ જણાવેલી છે. રાજેન્દ્રસિંહ મોતીસિંહ રાઠોડ આ દાવાના કામે પક્ષકાર નથી. જેથી તેમના અંગે કરેલ ઉલ્લેખો અસ્થાને છે.

(૨૮) વધુમા વાદીએ તેઓના કાઉન્ટ એફીડેવીટમા જણાવેલ છે કે, પ્રતિવાદી નં.ર ના લેખીત જવાબના પેરા-૮ ની હકીકતો ખોટી છે. સદર પેરામા જણાવેલ હકીકતો ઉપરથી સાબીત થાય છે કે આ કામના પ્રતિવાદી નં.ર ને આ જમીનમા ભારોભાર રસ છે. સદર પેરામા રાજેન્દ્રસિંહ મોતીસિંહ એ બનાવટ કરીને સરકારી અધિકારીના મેળાપીપણામા જમીન ખોટી રીતે ચઢાવી લીધેલ. તેને તે જમીન વહેચણમા આપવા કોઈ હકક કે અધિકાર હતા નહી કે છે નહી તેવી હકીકત ખોટી છે અને રાજેન્દ્રસિંહ મોતીસિંહ આ કામે પક્ષકાર ન હોય તેવા આક્ષેપો અસ્થાને છે. તેમજ ઈટકલાના ગામ દફતરે પડેલ એન્ટ્રી નં. ૧૫૦૨, તા. ૨૫/૦૩/૨૦૦૩ ની કાયદા વિરૂધ્ધની હોવાની હકીકત પણ ખોટી છે. દાવાવાળી જમીનમા તેઓ વાદીએ બોરવેલ કરાવેલ છે. દાવાવાળી જમીનમા સને ૧૯૭૯ મા ભીખાજી અરદેસર ભરૂચાએ કુવો ખોદાવેલ હોવાની અને તેના ઉપર સિંચાઈ માટે જી.ઈ.બી પાસેથી જોડાણ મેળવેલ હોવાનીં હકીકત ખોટી છે. સદર જમીનમા એક કુવો છે તે પડતર છે અને તેનો ઉપયોગ થતો નથી. પરંતુ તેઓ વાદીએ તેમા ૧૦૦૦ ફુટનો બોરવેલ કરાવેલ છે અને તેમા તેઓ વાદીના નામનુ લાઈટ કનેકશન મેળવેલ છે. સદર પેરામા પાવર ઓફ એટર્નીં જે ઉલ્લેખો કરેલો છે. તે તેઓ વાદીના પિતા રાજેન્દ્રસિંહ મોતીસિંહ વિરૂધ્ધના છે અને તેઓ આ દાવાના કામે પક્ષકાર નથી. સદર પેરામા દાવાવાળી જમીન ભીખાજી અરદેસર ભરૂચાએ છાણીયુ ખાતર વિગેરેથી ઉપજાવ બનાવેલ હોવાની હકીકત ખોટી છે. સદર પેરામા તેઓ વાદીના પિતા રાજેન્દ્રસિંહ મોતીસિંહ વિરૂધ્ધ કરેલા આક્ષેપો પાયાવિહોણા છે અને તે આક્ષેપો જોતા તેઓ વાદીના કુટુંબ સાથે તેઓ તેઓના સગા કાકાના દિકરા થતા હોવા છતા કેટલો વેરભાવ રાખે છે તે સાબિત થાય છે.

(૨૯) વધુમા વાદીએ તેઓના કાઉન્ટ એફીડેવીટમા જણાવેલ છે કે, પ્રતિવાદી નં.ર ના લેખિત જવાબના પેરા-૯ ની હકીકત તેઓએ અવળી રીતે રજુ કરેલ છે. પ્રતિવાદી નં.ર તથા તેઓના પિતા શીવસિંહ મોતીસિંહ રાઠોડ સામે તેઓએ સાચી ફરીયાદ આઈ.પી.સી કોડની કલમ ૩૨૩, ૩૩૮, ૩૦૭, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબની વાલીયા પોલીસ સ્ટેશનમા દાખલ કરાવેલી અને તે હાલ મહે. અંકલેશ્વરના સેસન્સ જજ સાહેબની કોર્ટમા નિર્ણય માટે પેન્ડીંગ છે અને તે અંગેનો દ્વેશ રાખીને

પ્રતિવાદી નં.૨ પ્રતિવાદી નં.૧ મારફતે તેઓ વાદી વિરૂધ્ધ ખોટી કાર્યવાહી કરી રહેલા છે. પ્રતિવાદી નં.૨ એ દાવાવાળી જમીન અંગે તેઓ વાદીને હેરાન પરેશાન કરવા કલેકટરશ્રી ભરૂચ ને તા. ૦૯/૦૭/૨૦૨૧ ના રોજ દાવાવાળી જમીન અંગે સૌપ્રથમ અરજી કરેલી અને ત્યારબાદ પણ તેઓ અંગત રસ લઈ તેઓ વાદીને હેરાન કરી રહેલા છે અને દાવાવાળી જમીનો પ્રતિવાદી નં.૧ તરફે કબજો કરી લેવાની ધમકી આપી રહેલા હોય તેઓને આ દાવાના કામે  પ્રતિવાદી નં.૨ તરીકે જોડવાની ફરજ પડી છે.

(૩૦) વધુમા વાદીએ તેઓના કાઉન્ટ એફીડેવીટમા જણાવેલ છે કે, પ્રતિવાદી નં.૨ ના  લેખીત જવાબના પેરા–૧૦ ની હકીકત ખોટી જણાવેલી છે. પ્રતિવાદી નં.૨ શાંતીપ્રિય પ્રકૃતિના અને પરસ્પર સહકારથી આગળ વધવાની માનસિકતા વાળા માણસ હોવાની હકીકત ખોટી છે અને તે હકીકતો તેઓ એફ.આઈ.આર થયેલાની હકીકત લેખિત જવાબના પેરા–૯ મા જણાવેલી છે તેના ઉપરથી સાબીત થાય છે. તેમજ મહે. ભરૂચના કલેકટર સાહેબને તેઓને કોઈ લેવાદેવા ન હોવા છતા તેઓના વિરૂધ્ધ દાવાવાળી જમીન અંગે અરજી કરી પ્રકરણો ઉપસ્થિત કરેલા છે. તેનાથી સાબીત થાય છે અને હજુ પણ પ્રતિવાદી નં. ૨ તેઓ વાદીના કુટુંબને ધમકીઓ આપી રહેલા છે. વાદીને આ દાવો કરવા પુરતા કારણો ઉપસ્થિત થયેલા છે. વાદીએ દાવાનો યોગ્ય આંક બાંધી પુરતો કોર્ટ ફી સ્ટેમ્પ વાપરેલ છે. વાદીએ દાવાના સમર્થનમા પુરતા પુરાવા રજુ કરેલા છે અને વાદીનો પ્રથમદર્શનીય કેસ છે. તેમજ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીની તરફેણમા છે. વાદીનો કબજો ભોગવટો કે માલિકી હકક કાયદેસર છે કે ગેરકાયદેસર છે તે બાબત પુરતા પુરાવા લીધા સિવાય નકકી કરી શકાય તેમ નથી તેવુ જણાવેલ છે. તેના ઉપરથી એક વાત સ્પષ્ટ થાય છે કે, પ્રતિવાદી નં.૨ વાદીનો કબજો સ્વીકારે છે. જેથી તેઓના કબજાને મનાઈ હુકમથી રક્ષણ મળવુ જરૂરી છે. જો વાદીનો કબજો ખોટી રીતે દાદાગીરીથી પ્રતિવાદીઓ ઝુટવી લેતો વાદીને નાણાથી બદલો ન મળે તેવુ નુકસાન જવા સંભવ છે. જેથી ફેકટર ઓફ લોસનુ તત્વ પણ વાદીની તરફેણમા છે. વાદીએ સાચો દાવો કરેલ હોય તથા તેમા દરમીયાન મનાઈ અરજી આપેલ હોય તે સાચા છે. તેથી તેમા માંગેલ દાદ વાદીને મળવા પાત્ર છે.

(૩૧) સદર કામે વાદી તથા પ્રતિવાદીઓ તરફે નીચે મુજબના પ્રાથમિક દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**(અ) વાદી તરફે રજુ પ્રાથમિક દસ્તાવેજી પુરાવા :–**

(૧) આંક–૩ ના લીસ્ટથી નિ.૩/૧ થી ૩/૫૨ ના દસ્તાવેજો રજુ કરેલ છે.

(૨) આંક–૨૩ ના લીસ્ટથી નિ.૨૩/૧ થી ૨૩/૪ ના દસ્તાવેજો રજુ કરેલ છે.

(૩) આંક–૪૬ ના લીસ્ટથી નિ. ૪૬/૧ થી ૪૬/૭ ના દસ્તાવેજો રજુ કરેલ છે.

**(બ) પ્રતિવાદી તરફે રજુ પ્રાથમિક દસ્તાવેજી પુરાવા :–**

(૧) આંક–૧૬ ના લીસ્ટથી નિ.–૧૬/૧ થી ૧૬/૩૭ ના દસ્તાવેજો રજુ કરેલ છે.

(૨) આંક–૨૭ ના લીસ્ટથી નિ.–૨૭/૧ થી ૨૭/૧૪ ના દસ્તાવેજો રજુ કરેલ છે.

(૩૨) બંને પક્ષકારોના પક્ષ નિવેદન તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવા તેમજ રજુ થયેલ દલીલો ધ્યાને લેતાં હાલની અરજીના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે .

## –: મુદ્દાઓ :–

(૧) **શું વાદી પુરવાર કરે છે કે, તેઓનો આ પ્રથમદર્શીનીય કેશ છે?**

(૨) **શું વાદી પુરવાર કરે છે કે, સગવડતા અગવડતાનુ પલ્લુ વાદીઓની તરફેણમાં છે?**

(૩) **શું વાદી પુરાવાર કરે છે કે, માંગ્યા મુજબનો કામચાલઉ મનાઈ હુકમ ન આપવાથી તેઓને નાણાંથી પણ ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન થાય તેમ છે**?

(૩૩) સદર મુદ્દાઓ પરત્વેના મારા જવાબો નીચે ચર્ચા કર્યા મુજબના કારણો પ્રમાણે નીચે મુજબ છે.

(૧) **હકારમાં**

(૨) **હકારમાં**

(૩) **હકારમાં**

(૪) **આખરી હુકમ મુજબ**

## – કારણો –

(૩૪) ઉપરોકત **ત્રણેય** મુદાઓ એકબીજા સાથે સંકળાયેલા હોય ચર્ચામાં હકીકતોનું પુનરાર્વન ન થાય તે હેતુ સર **ત્રણેય** મુદાઓની ચર્ચા એકી સાથે કરેલ છે. સદરહું મુદ્દાઓની ચર્ચા કરતા અગાઉ કામચલાઉ મનાઈ હુકમ તથા તેને લગત સામાન્ય નિયમો ઘ્યાને લેવા જરૂરી છે. જે નીચે મુજબ છે.

(૩૫) એ સર્વમાન્ય સિધ્ધાંત છે કે કામચલાઉ મનાઈ હુકમ એ સમન્યાયની દાદ છે અને સમન્યાયની દાદ મેળવવા માંગતી વ્યકિતએ કોર્ટ રૂબરૂ ત્રણ વસ્તુઓ તેમની તરફેણમાં સાબિત કરવાની રહે છે. આ ત્રણ વસ્તુઓ સર્વપ્રથમ દાવામાં ગંભીર પ્રકારના પ્રશ્નો સંડોવાયેલા છે અને જે દાદ માંગેલ છે તેમમાં કોર્ટની દખલ અંદાજી અત્યંત જરૂરી છે. જો તેમ ન કરવામાં આવે તો વાદીને તેનો હકક પ્રસ્થાપીત થાય તે પહેલા નાંણામાં ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન જવાની સંભાવના છે. વધુમાં નામ.સુપ્રિમ કોર્ટ તથા નામ. ગુજરાત હાઈકોર્ટ ધ્વારા આપવામાં આવેલ વિવિધ ચુકાદાઓથી સ્પષ્ટ કરેલ છે કે જયારે કોઈપણ દાવામાં સોંગદનામા પરથી અથવા બીજી રીતે

સાબિત થાય કે દાવાના કોઈપણ પક્ષકાર દાવાની કોઈપણ તકરારી મિલકત વેડફી નાંખશે, કોઈપણ મિલકતને નુકશાન કરશે અથવા તો મિલકત કોઈને આપી દેશે અથવા તો દાવામાં તકરારી મિલકત સંદર્ભે વાદીનો કબજો છોડાવી દેવાનો અથવા બીજી રીતે વાદીને નુકસાન પહોંચાડવાની પ્રતિવાદી ધમકી આપે ત્યારે હુકમ કરી ન્યાયલયે એવુ કાર્ય થતુ અટકાવવા માટે કામચલાઉ મનાઈ હુકમ આપવો જોઈએ અથવા તો દાવાનો નિકાલ થતાં સુધી અથવા તો બીજો હુકમ થતાં સુધી તે મિલકત વેડફાઈ જતી હોય તો, તેને નુકસાન થતુ હોય તો, અન્યને આપી દેવાની હોય તો કે વેચાણ કરવામાં આવતી હોય તો અથવા કોઈપણ રીતે તેનો નિકાલ થતો હોય તો તેવી કાર્યવાહી બંધ રાખવવા તથા અટકાવવા અથવા દાવામાંથી તકરારી મિલકતનો વાદીનો કબજો છોડાવી દેવા અથવા નો નુકશાન પહોંચાડવા માટે પોતાને યોગ્ય લાગે તેવો બીજો હુકમ કરી શકશે. કામચલાઉ મનાઈ હુકમની દાદ સમન્યાયની દાદ છે તેનો મુખ્ય ઉદ્દેશ પક્ષકારો વચ્ચેની તકરારોનો નિકાલ ન થાય ત્યાં સુધી દાવાની વિષય વસ્તુની યથાવત પરિસ્થિતિ રાખવાની છે.

(૩૬) આ કામે સદર વાદગ્રસ્ત જમીન હાલના કામે વાદી તર્ફે આંક–૩ ના લીસ્ટ થી રજુ કરેલ ૭/૧૨ તથા ગામનમુના નંબર–૬ જોતા હાલના વાદીના નામે ચાલેછે અને તે બાબતે ની એન્ટ્રી પણ પડેલીછે. અને વાદીની દલીલછેકે, તેઓએ વાદગ્રસ્ત જમીન તેઓના પિતા એ વહેચણ થી આપેલછે વધુમાં જે રેવન્યુ રેકર્ડ જે આંક–૩ થી જોતા મહેસુલ ની પાવતી પણ વાદીએ અને તેઓના પિતાના નામની છે અને જેથી તેઓનો વાદગ્રસ્ત જમીન પર છેલ્લા ૨૦ વર્ષ ઉપરાંત થી કબજો છે અને ખેતી કરતા આવેલાછે. અને વધુમાં જે એન્ટ્રી અમારી ઝઘડીયાના પ્રાન્ત સાહેબે રદ કરેલછે તે બાબતે અમારો અપીલ નો હકક કાયમ છે અને તે બાબતે અમોએ અપીલ કરેલછે અને જેથી વાદી ને આ કામે પ્રતિવાદીએ કબજો છોડવા લેખીત નોટીશ આપેલછે જે નિ.૪૧/૧ થી રજુ છે અને જેથી પણવાદીનો કબજો સતત ચાલુ હોવાનુ જણાયછે અને હાલના આંક–૫ ની અરજી ના નિર્ણયના તબકકે પુરાવાની ચર્ચા કરવાની નથી ફકત પ્રાઈમાફેશી કેસ અને સગવડતા અગવતા અને નુકશાન જોતા વાદીને તેઓનો કેસ બતાવવા પુરતા કારણોછે અને પ્રતિવાદી ન.૨ નાએ તેઓએ કલકેટરશ્રીમા અરજી કરેલ અને ધમકી પણ આપેલછે જેથી તેઓને આ કામે જોડેલા છે અને તે બાબતેના ડોકયુમેન્ટ પણ રજુ કરેલા છે. વધુમાં અમારો ખેડ હકકનો હકક કાયમા રાખવામાં આવેલછે અને તે બાબતે ની નકલ નિ.૨૩/૨ થી રજુ કરેલછે જે પણ ધ્યાને લેવા જણાવેલછે. વધુમાં વાદી તેઓના પિતાના સીધી લીટીના વારસદારો હોઈ જેથી વારસદાર તરીકે જમીન વહેચણથી આપેલછે. અને જેથી

તેઓને દાવા ચાલતા સુધી તેઓના કબજામાંથી દુર કરવામાં આવે કે તેઓને મનાઈ હુકમ ન આપવામાં આવેતો નાંણાથી ન ભરપાઈ થઈ શકે તેવુ નુકશાન જવા સંભવ છે અને જેથી કામચલાઉ અરજી મંજુર કરવા દલીલ કરેલ હતી.

પ્રતિવાદી ન.૧ ના એ હાલના કામે કાઉન્ટર કલેઈમ કરેલ છે તે હકીકત બીનતકરારી છે.વધુમાં વાદીની સદર વહેચણ નોધ રદ થયેલછે અને તે બાબતે વાદીએ અપીલ કરેલછે તે પણ એક બીનતકરારી બાબત છે. વધુમાં વાદીનો હાલના રેકર્ડપર તેમજ રજુ કરેલ ડોક્યુમેન્ટ પ્રાઈમાફેશી કબજો હોવાનુ પણ જણાયછે. હવે પ્રતિવાદીની દલીલ જોતા વાદીના પતિએ બનાવીટી અને બોગસ વીલ ઉભુ કરેલછે અને જેથી તેમનો કોઈ હકક કે અધીકાર વાદગ્રસ્ત જમીન પર પહેલેથી હતો નહી અને છે નહી તેમ જણાવેલછે. અને વધુમાં વાદીએ તેઓને જમીન વહેચણ થી વાદગ્રસ્ત જમીન મળેલછે તે બતાવવા કોઈ ડોક્યુમેન્ટ ૭/૧૨ સિવાય રજુ કરેલ નથી અને જેથી પ્રતિવાદી ન.૧ નાએ તે બાબતે કાગળો રજુ કરેલછે અને તે દસ્તાવેજો જોતાં પણ વાદીની હકીકત માની શકાય નહી અને વાદીએ તે કાગળો રજુ કરેલા અને પ્રતિવાદીન.૧ નાએ દસ્તાવેજ માગેલ તેમ છતા રજુ કરેલ નહી જેથી પ્રતિવાદીએ રજુ કરેલ છે તે જણાવેલછે. જેથી પણ વાદીનો કોઈ પહેલેથી જ પ્રાઈમાફેશી કેસ નથી તેમ જણાવેલછે. અહી સમગ્ર વીલ બાબતે ની તકરાર જોતા તે બાબતે પ્રતિવાદીની દલીલ માનીશકાય કે વીલ કાયદેસરનુ છે કે બોગસ છે તે જોતા પણ તેનો પુરાવો લેવો અતી આવશ્યક જણાયછે અને જેથી તે બાબતે પુરાવો લેવો જરૂરીછે. વધુમાં મહેસુલી એન્ટ્રી નંબર–૧૫૦૨ પણ હાલમા ચેલેન્જ મા જ છે. વધુમાં હાલના વાદી ના પિતા સામે ક્રિમીનીલ કેસ ફાઈલ કરેલ છે તે પણ હકીકત બીન તકરારી છે. વધુમાં પ્રતિવાદીની દલીલછેકે**, અનલોકુલ પજેશન હોય તો વાદીને** તે રક્ષણ મળી શકે નહી પરતું અનલો કુલ પજેશન બાબતે પણ તેનો પુરાવો લેવો પણ અતી આવશ્યકછે વધુમાં હાલના કામે પ્રતિવાદી ન.૧ નાએ વીલ ખોટુ હોય અને તે બાબતે ફ્રોડ કરેલ છે તે બાબતે નામદાર સુપ્રીમ કોર્ટ **(૨૦૦૮) ૧૨૨ સુપ્રીમ કોર્ટ કેસીસ.૩૫૩ ગણપતભાઈ મહીજીભાઈ સોંલકી વિ. સ્ટેટ ઓફ ગુજરાત નુ સાઈટેશ રજુ કરીને ધ્યાન દોરેલછે તેમા હેડ નોટ–બી તથા પેરા–૧૮ થી ૨૦ બાબતે ધ્યાને દોરેલછે અને હાલના હાથ પરના કેસ બાબતે પણ તેઓએ જણાવેલછેકે, નિ.૧૬/૧૫ ની એન્ટ્રી નંબર–૧૪૫૩ જોતા તેમા તા.૧૯/૩/૨૦૦૧ ની એન્ટ્રી ધ્યાનથી વાંચવામા આવેતો તેમા મરણનો દાખલો રજુ કરવો અને જે મરણનો દાખલો** ભીખાજી અરદેશર ભરૂચા ની મરણ તારીન નિ.૧૬/૧૧ ના મરણના પ્રમાણપત્ર જોતા.૧૮/૯/૧૯૯૨ છે અને જેની નોધણી તા.૨૧/૯/૧૯૯૨ છે હાલના

પ્રતિવાદીના મામા ભીખાજી અદરેશર થતા હતા અને **ડેડ મેન કેનનોટ મેઈક અ વીલ અને** જેથી વાદીના પતિને જે વીલ તા.૩૦/૧૨/૧૯૯૩ ના રોજ કરી આપેલછે તે બાબતે માની શકાય નહી. કારણકે, જે વ્યકિત તા.૧૮/૯/૧૯૯૨ ના રોજ ગુજરી ગયેલ હોય અને તેનુ વીલ **તા.૩૦/૧૨/૧૯૯૩ ના રોજ કેવી રીતે થઈ શકે જેથી પણ ફ્રોડ પ્રાઈમાફેશી જણાયછે. વધુમાં પ્રતિવાદીએ રજુ કરેલ સીટ નો રેફરન્સ પણ જોતા તેમા પણ આજ બાબતે લઈને વાદીના પતિ સામે પ્રાઈમાફેશી જણાય જેથી ફરીયાદ નોધવાનો હુકમ કરેલછે. જેથી આ કામે ફરીયાદ પણ નોધાયેલછે. અને નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા આજદીન સુધી સદર ફરીયાદ રદ થયેલ નથી.અને લો ફુલ પજેશન વાદીનુ માની શકાય નહી.** પરતું આ બાબતે પ્રતિવાદી ન.૧ ની દલીલ જોતા ઉપરકોત હકીકત જણાયછે તે એક હકીકત છે પણ **ઓરીજનલ વીલ રજુ થયેલ નથી. અને જે પ્રતિવાદીએ ઉપરોકત હકીકત બાબતે પણ કાયદાકીય રીતે પુરાવો લેવો જોઈએ તેવુ પણ અત્રેની અદાલતતનુ પ્રમાણીક પણે માનવુ હોઈ અને તે બાબતે વાદીનો ખુલાસો છેકે, સદર સાઈટેશન મુજબ વાદીનો કેસ ની હકીકતો નથી જેથી વાદીના** હાલના કેસને લાગુ ન પડે અને જેથી સદર ચર્ચા કરતા ફ્રોડ **બાબતે પુરાવો લેવો અતીઆવશ્યક હોઈ જેથી પ્રતિવાદીન.૧ ને રજુ કરેલ હાલનુ સાઈટેશન હાલના કેસને તેટલા પુરતુ લાગુ પડતુ ન હોવાનુ પ્રમાણીક પણે અત્રેની અદાલતનુ માનવુ છે.**

**ત્યારબાદ** પ્રતિવાદી ન.૧ તર્ફે તેઓની દલીલોમાં નામદાર **સુપીમકોર્ટ નુ સાઈટેશન (૨૦૨૨) ૧૨ સુપ્રીમ કોર્ટ કેસીસ. ૧૨૮ પઢીયાર પ્રહલાદજી છેનાજી (ડીસીઝડ) થ્રુ લીગલ રીપેન્જટેન્ટીવ વિ. મણીબેન જગમાલભાઈ (ડીસીઝડ) થ્રુ લીગલ રીપેન્જટેન્ટીવ અને બીજાઓ.** તેમા હેડ નોટ–સી બાબતે અને તેમા એ અને ઈ બાબતે ધ્યાન દોરી દલીલ કરેલછેકે, સાચામાલીક સામે મનાઈ હુકમ આપી શકાય નહી. અને જેથી ટ્રેસપાર્સર અથવા જે અનલોફુલ પજેશન હોય તો તેની સામે પણ મનાઈ હુકમ આપી શકાય નહી. અને અને જે બાબતે ડ્યુ પ્રોસેસ ઓફ લો પણ કરવો જરૂરી નથી. જેથી પણ હાલના કેસમા મનાઈ હુકમ આપી શકાય નહી તેમ દલીલ કરેલછે. જયારે સદર બાબતે વાદીના વિ.વ.શ્રી નો ખુલાસોછે કે, સદર સાઈટેશન ના સિધ્ધાત જોતા સૌ પ્રથમ સદર દાવો આખો ચાલીને નિર્ણય નામદાર સુપ્રીમ કોર્ટ ધ્વારા કરવામાં આવેલછે જયારે હાથ પરના કેસનો નિર્ણય આંક–૫ પર છે ફાયનલ નિર્ણય નકકી કરવાનો નથી. વધુમાં હાલના કામે વાદીનુ પજેશન હોવા બાબતે ની કોઈ તકરાર નથી અને જયારે વીલ બાબતે અમારી કોઈ તકરાર નથી અને વધુમા સદર ચુકાદો

રજીસ્ટ્રડ સેલ ડીડ રદ કરવાનો છે જયારે હાલના કેસમા વાદીનુ પજેશન પ્રોટેકટ કરવાનો છે જેથી પણ સદર સાઈટેશના સિંઘ્ધાતો લાગુ પડી શકે નહી તેમ દલીલ કરેલછે. તો તે બાબતે પણ જયારે અત્રેની અદાલત ઘ્વારા વીલ અને અન્ય બાબતે પુરાવાકીય નિર્ણય બાબતે હોય અને હાલના કેસમા વાદીનુ પજેશજ પ્રાઈમાફેશી જણાયછે હવે **સદર સાઈટેશન ના સિંઘ્ધાત જોતા નામદાર સુપીમ કોર્ટ ઘ્વારા કેસ ચાલીને નિર્ણય કરેલછે તે એક હકીકત છે વધુમાં રહી વાત સાચા માલીક સામે અને વીલ ફ્રોડ હોવા આ તમામ પ્રતિવાદીની તકરારો પ્રાઈમાફેશી** જો દલીલ ખાતર પણ માની લેવામા આવેતો સદરહુ દાવાનો નિર્ણય આવી જાય તેમ અત્રેની અદાલતનુ પ્રમાણીક પણે માનવુ હોય જેથી પણ પ્રતિવાદી ન.૧ ની દલીલ માની શકાય નહી. વધુમાં હાલના કામે જે કરેવન્યુ એન્ટ્રી રદ થયેલછે અને તે અપીલ અદાલતમાં પણ પેન્ડીગછે અને રેવન્યુ નોઘો થી સીવીલ હકકો જુદા છે અને જેથી પણ હાલના કામે જયારે વાદીનુ પજેશન પ્રાઈમાફેશી વાદગ્રસ્ત જમીન મા હોય જેથી પણ દાવા ચાલતા સુઘી પુરાવો લેવો તેટલોજ આવશ્યક છે. અને જેથી પણ **સદર ચુકાદો હાલના આંક-૫ ના તબકકે લાગુ પાડી શકાય નહી તેવુ અત્રેની અદાલતનું પ્રમાણીક પણે માનવુ છે. વધુમાં વાદીની દલીલછેકે, જયારે વીલ બાબતે પ્રતિવાદીની તકરાર છે તો પ્રતિવાદી આજદીન સુઘી વાદીએ દાવો કર્યા પહેલા સુઘી વીલ રદ કરાવવા પ્રતિવાદી ન.૧ તફે કોઈ જ કોર્ટમા દાવો કે અન્ય કોઈ દાદ માગેલ નથી તે પણ એક હકીકત છે.** વધુમાં વાદીની દલીલછેકે, વીલ રદ કરાવવુ હોય તો ત્રણ વર્ષમા આવવુ પડે તેમ પણ આવેલ નથી.પરતું **વાદીની હાલની દલીલ દાવો ચાલતા સમય નીછે જેથી તેમા વઘુ ચર્ચા કરવામાં આવતી નથી.** વધુમાં આ કામે પ્રતિવાદી ન.ર ની દલીલછેકે, અમોને ખોટા દાવાના કામે જોડેલા છે અને અમોએ એક જાગૃત નાગરીક તરીકે અમારી ફરજ બજાવીને ફરીયાદ બાબતે જણાવેલછે બીજો કોઈ અમારો રોલ નથી અને અમારી જમીન નથી અને જેથી અમોએ તો દાવાના કામે ડીલીટ કરવાની અરજી આપેલ હતી જે નામદાર કોર્ટ ઘ્વારા નામંજુર પણ થયેલ હતી જેથી પણ અમારી સામે વાદીને કોઈ દાદ મળવા પાત્ર નથી જેથી તેમ દલીલ કરેલછે. આમ ઉપરોકત તમામ પક્ષકારોની દલીલો જોતા વાદીનો પ્રાઈમાફેશી વાદગ્રસ્ત જમીનમાં કબજો હોવા બાબતે બીન તકરારી છે અને વધુમાં પ્રતિવાદીની દલીલ જોતા અન લો ફુલ પજેશન હોવા બાબતે તેમજ વીલ ગેરકાયદેસર અને ફ્રોડ હોવા બાબતે ની બાબતે પણ પુરાવો **લેવો આવશ્યકછે અને વધુમાં હાલના કામે વાદીને વહેચણ બાબતે પણ જે જે તકરારો પ્રતિવાદી તફે લીઘેલછે તે બાબતે પણ પુરાવો લેવો આવશ્યક છે.** વધુમાં હાલની દરમ્યાન મનાઈ હુકમની અરજી જોતા તેમજ વાદીએ તેમજ પ્રતિવાદીઓ તફે રજુ કરેલા

દસ્તાવેજ જોતા હાલના પ્રાઈમાફેશી પજેશન વાદીનુ હોઈ જેથી કેસ ચાલતા સુધી મલ્ટીપ્રોસીડીગ્સ વધુ ના થાય તે હેતુ ધ્યાને રાખતા હાલના કામે **વાદીનો તફે પ્રાઈમાફેશી કેસ જણાયછે અને વધુમાં જો તેઓને પજેશન જોતા હાલના કામે યથાવત પરિસ્થિતી જાળવી રાખવામાં આવશે તો કોઈ પણ પક્ષકારને નાંણાકીય નુકશાન જવા સંભવ નથી અને જેથી પણ સગવડતા અગવડતા નુ પલ્લુ જોતાં પણ વાદીની તરફેણમાં જણાતુ હોય જેથી** રજુ કરેલ મૌખીક દલીલો પ્રતિવાદી ન.૧ ના વિ.વ.શ્રી ઝેડ.એફ.ભરડા તથા લેખીત દલીલો વિ.વ.શ્રી ડી.એન.ખેર ની હાલના તબકકે જોતાં તેમજ વાદીના તફે વિ.વ.શ્રી આર.સી.પરમાર ની મૌખીક દલીલો જોતા હાલની વાદગ્રસ્ત જમીન બાબતે વાદીના દાવાની તારીખે માલીકી અને કબજા બાબતે યથાવત પરિસ્થિતી રાખવામા આવશે તો ન્યાયનો હેતુ જણવાઈ રહેશે તેમ અત્રેની અદાલતનુ માનવુ હોય જેથી મુદ્દા નંબર–૧ થી ૩ નો જવાબ હકારમાં ઠરાવી મુદ્દાનંબર–૪ બાબતે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવેછે.

## <u>હુકમ</u>

(૧) વાદીની હાલની આંક–૫ ની મનાઈ અરજી અશત: મંજુર કરવામાં આવેછે.

(૨) આ કામે બન્ને પક્ષકારો ને દાવાવાળી જમીન બાબતે યથાવત દાવાની સ્થિતીએ છે પરિસ્થિતી માલીકી તથા કબજા બાબતે છે તે દાવાના આખરી નિર્ણય સુધી જાળવી રાખવી તેવો વચગાળાનો મનાઈ હુકમ બન્ને પક્ષકારોને ફરમાવવામાં આવેછે.

(૩) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ તારીખ–૧૧ મી માહે–૦૯ સને–૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૧ –૦૯ –૨૦૨૩
સ્થળ : વાલીયા

**(હિતેષકુમાર રસીકલાલ ઠકકર)**
પ્રિન્સીપાલ સિવિલ જજ, વાલીયા.
યુનીકજજ કોડ નં. જીજે ૦૧૪૪૮